dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 173 | AD - 2025, Fagan Vad- ((0 | Saturday, Dt.29-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## ભારત સહિત પાંચ દેશોમાં ભૂકંપની અસર, થાઈલેન્ડમાં અનેક ઈમારતો ધરાશાયી

# મ્યાનમારમાં ૭.૨ની તીવ્રતાનો ભૂકંપ : ૨૦ લોકોના મોત, અનેક દટાયા

મ્યાનમાર, તા.૨૮

શુક્રવારે સવારે ૧૧:૫૦ વાગ્યે મ્યાનમારમાં ૭.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેની અસર ભારત, થાઈલેન્ડ, બાંગ્લાદેશ અને ચીન સહિત પાંચ દેશોમાં અનુભવાઈ છે. મ્યાનમાર અને થાઈલેન્ડમાં ૨૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. મ્યાનમારમાં ભૂકંપના કારણે ૨૦ લોકોના મોત થયા છે, જ્યારે ૩૦૦ લોકો ઘાયલ થયા છે. તે જ સમયે, થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં એક નિર્માણાધીન ૩૦ માળની ઈમારત ધરાશાયી થઈ ગઈ. આ સાઈટ પર ૪૦૦ લોકો કામ કરી રહ્યા હતા. તેમાંથી ૮૦ લોકો ગુમ છે, જ્યારે ૩ લોકોના મોત થયા છે.

આ ૫ દેશોના વિવિધ વિસ્તારોમાં ગભરાટમાં સેંકડો લોકો પોતાના ઘરો અને ઓફિસોમાંથી બહાર દોડી ગયા હતા. ભારે વિનાશને કારણે, બેંગકોકના વડાપ્રધાન પ્યોટોંગથોર્ન શિનાવાત્રાએ કટોકટી જાહેર કરી છે. મ્યાનમારમાં એક પછી એક બે શક્તિશાળી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. શુક્રવારે આવેલા ભૂકંપના આંચકા એટલા જોરદાર હતા કે લોકો ગભરાઈ ગયા અને પોતાના ઘરો અને ઓફિસોમાંથી બહાર નીકળી ગયા. પહેલો ભૂકંપ સવારે ૧૧:૫૦ વાગ્યે આવ્યો હતો, તેની તીવ્રતા ૭.૨ માપવામાં આવી હતી. આ પછી, બીજો ભૂકંપ બપોરે ૧૨:૦૨ વાગ્યે આવ્યો, તેની તીવ્રતા ૭ માપવામાં આવી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર કેટલાક લોકો ગુમ થયા છે જયારે અનેક લોકોને ઈજા પહોંચી છે. ભૂકંપના આંચકા થાઈલેન્ડ સુધી અનુભવાયા હતા. તેની સૌથી વધુ અસર બેંગકોકમાં જોવા મળી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૨ અને ૭.૦ હતી. બંને ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટર નીચે હતું. કેટલાક અહેવાલો દાવો કરી રહ્યા છે કે મ્યાનમારમાં સમયાંતરે ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે.



અહેવાલ છે કે શુક્રવારે મ્યાનમારમાં ૭.૭ અને ૬.૪ ની તીવ્રતાના સતત બે ભૂકંપ આવ્યા. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે મ્યાનમારના મંડલેમાં ઈરાવદી નદી પર બનેલો પ્રખ્યાત એવો પુલ ધરાશાયી થઈ ગયો છે. ભૂકંપમાં ઘણી ઈમારતોને પણ નુકસાન થયું છે. ભૂકંપ એટલો જોરદાર હતો કે તેના આંચકા લગભગ ૯૦૦ કિલોમીટર દૂર બેંગકોકમાં પણ અનુભવાયા હતા.

બેંગકોક પોલીસનું કહેવું છે કે બપોરે થાઈ રાજધાનીમાં આવેલા ૭.૭ ની તીવ્રતાના ભૂકંપમાં નિર્માણાધીન એક બહુમાળી ઈમારત ધરાશાયી થઈ ગઈ. સંભવિત જાનહાનિનો આંકડો હજુ સુધી જાણી શકાયો નથી. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના બેંગકોકના લોકપ્રિય ચતુચક માર્કેટ પાસે બની હતી. ધસી પડવાના સમયે સ્થળ પર કેટલા કામદારો હતા તે અંગે તાત્કાલિક કોઈ માહિતી મળી નથી.

બેંગકોકમાં ૭.૭ ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદ કોલકાતા અને ઈમ્ફાલમાં હળવા ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ મધ્ય મ્યાનમારમાં હતું, જે મોનીવા શહેરથી લગભગ ૫૦ કિલોમીટર પૂર્વમાં હતું.

ભૂકંપના જોરદાર આંચકાને કારણે મ્યાનમારના શહેરોમાં અને બેંગકોકમાં મોટી ઈમારતો હોડીઓની જેમ ધ્રુજવા લાગી હતી. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં, લોકો ચીસો પાડતા અને બૂમો પાડતા રસ્તાઓ પર દોડી રહ્યા છે.

ભૂકંપને કારણે બેંગકોકમાં એક ગગનચુંબી ઈમારત ધરાશાયી થયાના સમાચાર છે. રિપોર્ટ અનુસાર, જે ઈમારતનું નિર્માણ ચાલી રહ્યું હતું તે ભૂકંપના આંચકાનો સામનો કરી શકી નહીં. તેવી જ રીતે, ભૂકંપ પછી ઘણા બધા વીડિયો વાયરલ થઈ રહ્યા છે, જેમાં ભૂકંપ પછીનો ગભરાટ જોઈ શકાય છે. ભૂકંપને કારણે થાઈલેન્ડ અને મ્યાનમારમાં પૂલમાંથી પાણી વહેવા લાગ્યું હતું. એવું કહેવામાં આવ્યું છે કે ઘણી ઈમારતો નાશ પામી છે. સ્થાનિક મીડિયા અનુસાર, ભૂકંપના કારણે ઈમારતોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને ગભરાયેલા રહેવાસીઓ ગીચ વસ્તીવાળા મધ્ય બેંગકોકમાં બહુમાળી કોન્ડોમિનિયમ અને હોટલની સીડીઓ નીચે દોડી ગયા હતા. લોકોને જાનહાનિ ટાળવા માટે રસ્તા પર રહેવાનું કહેવામાં આવ્યું હતું.

આ ભૂકંપને કારણે બેંગકોકમાં એક નિર્માણાધીન ઈમારત પણ ધરાશાયી થઈ ગઈ. તમને જણાવી દઈએ કે ગ્રેટર બેંગકોક વિસ્તારમાં ૧.૭ કરોડથી વધુ લોકો રહે છે.

અમારે ત્યાંથી ગાય આધારીત તમામ પ્રોડકટ,
કાચરી - પાપડ - વેફર, ઓર્ગેનિક મધ,
ઘઉંનો પોક, દેશી ગોળ, તેમજ
કિચન - ગાર્ડનને લગતી તમામ પ્રોડકટ મળશે...
100% Organic
આ જાહેરાતની કોપી લઈ આવનાર એક વ્યકિત દિઠ આકર્ષક ગીફ્ટ આપવામાં આવશે.
ભૂમિ ઓર્ગેનીક હોમ પ્રોડકટસ & ફાર્મ
યોગ્ય ખાવાની શરૂઆત અમારાથી
મૌલિક પટેલ Mo. 83206 81837
ભૂમિકા પટેલ Mo. 63531 12514
કારગીલ પેટ્રોલ પંપની સામે, રાધેશ્યામ ચોકડી, ધારી રોડ, અમરેલી-૩૬૫૬૦૧.

## કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨%નો વધારો કરાયો

નવી દિલ્હી, તા.૨૮

શુક્રવારે કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થા (DA)માં ૨%નો વધારો કરવાની મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં સરકારે આ મોટો નિર્ણય લીધો છે. આ વધારા સાથે, હવે કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થા (DA) અને પેન્શનરોના મોંઘવારી રાહત (DR) ૫૩ ટકાથી વધીને ૫૫ ટકા થશે. આ વધારો ૭મા પગાર પંચ હેઠળ કરવામાં આવ્યો છે. છેલ્લો વધારો જુલાઈ ૨૦૨૪માં થયો હતો, જ્યારે મોંઘવારી ભથ્થું ૫૦ ટકાથી વધારીને ૫૩ ટકા કરવામાં આવ્યું હતું. હવે ૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે, ત્યારે કર્મચારીઓના મૂળ પગારમાં ૨ ટકા વધારાનું મોંઘવારી ભથ્થું ઉમેરવામાં આવશે. આ વધારો ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી અમલી માનવામાં આવશે. મોંઘવારી ભથ્થામાં વધારાથી કરોડો કર્મચારીઓ અને પેન્શનરોને ફાયદો થશે. સરકારે માર્ચ મહિનામાં મોંઘવારી ભથ્થામાં વધારાની જાહેરાત કરી છે.


શ્રદ્ધાંજલિ
તમારી સ્મૃતિ અમારા હૈયામાં સદૈવ જીવંત રહેશે, ન વિસરાય તેવું સૌમ્ય વ્યકિતત્વ, માયાળુ, ઉદાર સ્વભાવ, હસમુખો ચહેરો અમારી નજર સમક્ષ તરવરતો રહેશે. અમારી સદા એજ પ્રાર્થના કે પરમાત્મા આપના આત્માને ચિર શાંતિ અર્પે....
ચંપાબેન ગભરૂભાઈ સોહલીયા (ઉ.વ.૭૫)
સ્વ. તા. ૨૬-૦૩-૨૦૨૫ બુધવાર, મુ. ભીંગરાડ, તા. લાઠી.
લી.
ગભરૂભાઈ પદમાભાઈ સોહલીયા
સુરેશભાઈ ગભરૂભાઈ સોહલીયા
ભરતભાઈ ગભરૂભાઈ સોહલીયા
મયુર સુરેશભાઈ સોહલીયા
કેયુર સુરેશભાઈ સોહલીયા
રેયાંશ ભરતભાઈ સોહલીયા
ગોગનભાઈ પદમાભાઈ સોહલીયા
જગદીશભાઈ ગોગનભાઈ સોહલીયા
વિજયભાઈ ગોગનભાઈ સોહલીયા
આરવ જગદીશભાઈ સોહલીયા
એનેશ વિજયભાઈ સોહલીયા
કુ.રાધિકા, ધ્રુવી, ક્રિષ્ના, મિત્વા, આર્યા

ઈલેકટ્રોનિકસ ઉપકરણની વિશાળ રેન્જ
Panasonic | SAMSUNG | LG | DAIKIN | VOLTAS
Cruise | DHARA | Haier | BLUE STAR | LLOYD
IFB | TCL | HITACHI Inspire the Next | Whirlpool
તમામ કંપનીના A/C, વોશીંગ મશીન, ફ્રિજ, ટી.વી. ઘરઘંટી, હાજરમાં ઉપલબ્ધ
શિવ ઈલેકટ્રોનિકસ
દુ. નં. ૩-૪, ટાઉનહોલ શોપીંગ, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની સામે, અમરેલી. મો. ૯૮૯૮૩ ૨૩૩૫૨

## જમ્મુના કઠુઆમાં આતંકી હુમલામાં ૩ જવાન શહીદ, ૩ આતંકવાદીઓ ઠાર

શ્રીનગર,તા.૨૮

જમ્મુ અને કાશ્મીરના કઠુઆમાં આતંકવાદીઓ સાથે એન્કાઉન્ટર થયું છે, જેમાં ૩ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. આ કાર્યવાહીમાં ૩ જવાન પણ શહીદ થયા હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે, ભારતીય આર્મી આતંકવાદીઓને ઘેરવાના સતત પ્રયાસો કરી રહી છે. માહિતી મુજબ, એક ઘાયલ સુરક્ષા કર્મચારીને કઠુઆ જીએમસી ખસેડવામાં આવ્યો છે, જ્યારે બે લોકોને જમ્મુ જીએમસી મોકલવામાં આવ્યા છે, અન્ય બે સૈનિકોને સામાન્ય ઈજાઓ થઈ છે. ગુરુવારે સવારે સુરક્ષા દળોને ઈનપુટ મળ્યા હતા કે જુથાની વિસ્તારમાં ચારથી પાંચ આતંકવાદીઓ છુપાયેલા છે. એવી પણ માહિતી મળી હતી કે કેટલાક આતંકવાદીઓએ એક મહિલા અને તેના પતિને પણ પોતાની કસ્ટડીમાં લીધા છે. આ કારણોસર, સેનાએ જ્યાં સુધી દંપતીને આતંકવાદીઓની ચુંગાલમાંથી મુક્ત ન કરાવ્યું ત્યાં સુધી તેનું ઓપરેશન શરૂ કર્યું નહીં.

Care is our culture
AIMS -એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
ડૉ. ડી. એસ. રાજુ MBBS, MD, DrNB (CARDIOLOGY)
હૃદયરોગ નિષ્ણાંત એઈમ્સ હોસ્પિટલ - અમરેલી
બહોળો અનુભવ ભુતપુર્વ કાર્ડિયોલોજિસ્ટ એપોલો હોસ્પિટલ, ચેન્નાઈ નોબલ હાર્ટ કેર, કેરળ
સ્પેસિયલ ઈન્ટરેસ્ટ
૧) 24X7 ફુલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
૨) હૃદયનો 2D/3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
૩) ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
૪) ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
૫) HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
૬) હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી(સ્પ્રિંગ/સ્ટેન્ટ મુકવું)
૭) પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
૮) હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
*આયુષ્યમાન કાર્ડ ધારક લાભાર્થીને એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવીધા તદ્દન ફ્રી માં ઉપલબ્ધ છે.
GNM તેમજ Bsc નર્સીંગ સ્ટાફ જોઈએ છે - સંપર્ક : 7610810857
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી.
02792222060 / 7610810827









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા. ૨૯-૦૩-૨૦૨૫

**ઘરફોડ ચોરીના અણઉકેલ ગુનાને ઉકેલવામાં પોલીસને સફળતા**

# રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં ચોરી કરતી ગેંગનો સભ્ય ઝડપાયો

**અમરેલી જિલ્લામાં થયેલી બે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો**

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ઘરફોડ અને સીમચોરીના બનાવો વધવા પામ્યા હતા. આ ચોરીમાં પરપ્રાંતીય શખ્સો સામેલ હોય તેવી શંકાને આધારે પોલીસે ચોરીના આરોપીને ઝડપવામાં માટે તપાસ તેજ કરી હતી. જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના માર્ગદર્શન નીચે અમરેલી એલસીબી પીઆઈની રાહબરી નીચે પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ અને પરપ્રાંતીય ઈસમને પકડી પાડી આ ઈસમની સઘન પૂરપરછ કરતા ઈસમે પોતાનું નામ મગરસીંગ ઠાકુરસીંગ અજનાર રહે. કાકડવા, જિ.ધાર (મધ્યપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું. આ ઈસમે તેના સાગરીતો સાથે મળી ઘરફોડ ચોરીની કબુલાત આપી હતી. મગરસીંગે તેના અન્ય સાથીઓના નામ મુકેશ કેકુ અલાવા રહે.કાકડવા અને પ્યારસીંગ જામસીંગ અલાવા રહે.કાકડવાના નામ આપ્યા હતા. આરોપીએ કરેલી કબુલાતમાં તેના સાથીઓ સાથે મળી અમરેલીના નાના ભંડારીયા ગામે રહેણાંક મકાનમાંથી રોકડ



રકમ, વાસણ તેમજ અનાજ અને તેલના ડબ્બાની ચોરી કરી હતી અને બાબરાના ગરણી ગામે બંધ મકાનમાંથી રોકડ રકમ, સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. પકડાયેલ આરોપી મગરસીંગે સાથીઓ સાથે રાજયના ૯ શહેરોમાં ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. મુકેશ અને પ્યારસીંગ હજુ પણ પોલીસ પકડથી દુર હોવાથી પોલીસે બંને આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બાબરાના જામબરવાળાની વી.એન.કલ્યાણ વિદ્યાલયના બાળકો સંજોગ ન્યૂઝની મુલાકાતે

**અખબારની શરૂઆતથી લઈ અંત સુધીની તમામ કામગીરી વિદ્યાર્થીઓએ નિહાળી**

અમરેલી,તા.૨૮



બાબરા તાલુકાના જામ બરવાળા ગામે આવેલી વી.એન.કલ્યાણ વિદ્યાલયના ધો.૯ના વિદ્યાર્થીઓએ વોકેશનલ ટ્રેડ અંતર્ગત સંજોગ ન્યૂઝની મુલાકાત લીધી હતી. સંસ્થાના રેસીડેન્ટ એડીટર નિલેશભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને સમાચાર કઈ રીતે આવે છે? કઈ રીતે લખવામાં આવે છે? અને કઈ રીતે છાપવામાં આવે તે તમામ માહિતી વિદ્યાર્થીઓને આપી હતી.

# જિલ્લામાં વિવિધ સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવવા જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

અમરેલી, તા.૨૮

આંગડિયા

જિલ્લામાં સીસીટીવી કેમેરા લગાડવા બાબતે અમરેલી જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું બહાર પાડ્યું છે. અમરેલી જિલ્લામાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેન્કિંગ સંસ્થાઓ, એટીએમ સેન્ટર, મલ્ટિપ્લેક્સ થિયેટર, લોજીંગ, ધર્મશાળાઓ, આંગડિયા પેઢીઓ, ઔદ્યોગિક એકમો, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો કોમર્શિયલ સેન્ટરો, પેટ્રોલ પંપ તથા હોટલ ઉપર અથવા હાઈવે પર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજિસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યક્તિનું વીડિયો રેકોર્ડિંગ થઈ શકે તે રીતે સીસીટીવી કેમેરા લગાડવા જાહેરનામું જાહેર કરાયું છે.

# બાબરાના જર્જરિત રોડ રસ્તાઓ મુદ્દે મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના રોડ રસ્તાઓની જર્જરિત હાલત મુદ્દે જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ ડી. કોઠીવાળએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને તાત્કાલિક કામગીરી શરૂ કરવા માંગ કરી છે. બાબરા તાલુકાના જિલ્લા પંચાયત હસ્તકના ત્રણ મુખ્ય રસ્તાઓ (કોટડાપીઠાથી જસદણ, બાબરાથી જસદણ અને ચમારડીથી ભીલડી) માર્ગ અને મકાન વિભાગને સોંપીને તેનું મજબૂતીકરણ કરવા તેમણે રજૂઆત કરી છે. આ ઉપરાંત, તેમણે નીલવળા-તાઈવદર, સુકવળા-ગોખલાણા, વાવડા-ઊંટવડ, પાનસડા-ઈસાપર, સુખપુર માધ્યમિક શાળા રસ્તો અને ખંભાળા-ઈતરીયા જેવા કાચા રસ્તાઓ પર નાળા-પુલિયા સાથેના કામોને તાત્કાલિક મંજૂરી આપવાની માંગ કરી છે. તાલુકાના જર્જરિત ડામર રોડ (તાઈવદર એપ્રોચ, ગરણી-પાનસડા, રાયપર-સમઢીયાળા, લોનકોટડા-મઢડા, નાની કુંડળ, ભીલા-ભીલડી, લોનકોટડા-સાણથલી અને મોણપુર-ધરાઈ)ના ટેન્ડર મંજૂરીમાં સરકારમાં પેન્ડિંગ હોવાથી ચોમાસા પહેલાં કામગીરી શરૂ થઈ શકે તે માટે તેમણે મુખ્યમંત્રીને વિનંતી કરી છે. તેમણે ખંભાળા-થોરખાણ અને કોટડા પીઠા-વાવડાના જંગલ વિસ્તારમાં બાકી રહેલા રસ્તાઓનું કામ પણ ઝડપથી શરૂ કરવા માટે રજૂઆત કરી છે. પ્રભાતભાઈ કોઠીવાળએ આ મુદ્દે મુખ્યમંત્રી ઉપરાંત સાંસદ અને ધારાસભ્યને પણ પત્રો લખ્યા છે અને ચોમાસા પહેલાં કામગીરી શરૂ થવાની આશા વ્યક્ત કરી છે.

# સા.કુંડલાના બાઢડા ખાતે હિન્દી અને સંસ્કૃત વિષયના ત્રણ શિક્ષકોનું સન્માન કરાયું

સાવરકુંડલા, તા.૨૮



સાવરકુંડલા તાલુકાના બાઢડા ખાતે હિન્દી અને સંસ્કૃત વિષયનાં શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં દામનગરથી બદલી થઈ આવેલા ભરતભાઈ એસ. ગેડીયા, શિક્ષકમાંથી આચાર્ય બનતા ત્રિવેણીબેન ચૌહાણ તેમજ આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવનાર માનસિંગભાઈ વાળાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાવરકુંડલાના પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ વિરાણી અને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક સંઘના હોદ્દેદારો મનિષભાઈ સિદ્ધપરા, રામભાઈ કેશવાલા, ભરતભાઈ મકવાણા, બાઢડા વિરાણી સ્કૂલના આચાર્ય ડોક્ટર બગડા, નિયામક પ્રજ્ઞેશભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

**કાળઝાળ ગરમીમાં મહિલાઓને પાણી માટે દુર-દુર સુધી ભટકવું પડે છે**

# બગસરા સરાણીયા વિસ્તારની મહિલાઓના પીવાના પાણી માટે વલખા

**૫૦ લાખના ખર્ચની મર્યાદામાં ટાંકો મંજૂર કરવામાં આવ્યો છે : પાલિકા પ્રમુખ**

બગસરા,તા.૨૮

બગસરાના છેવાડાના વિસ્તારમાં રહેતી સરાણીયા વિસ્તારની મહિલાઓને પાણી માટે વલખા મારવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. આવી કાળઝાળ ગરમીમાં પાણી માટે દુર-દુર સુધી ભટકવુ પડતુ હોવા છતાં તંત્રના પેટનું પાણી હલતુ નથી. બગસરાના છેવાડાના વિસ્તારોમાં સરાણીયા પરિવારના અનેક ઘરો આવેલા છે. સરાણીયા પરિવાર માટે સરકાર દ્વારા પાકા મકાનો પણ બાંધી આપ્યા છે પરંતુ હજુ સુધી આ મકાનોની સોંપણી કરવામાં આવી નથી. હાલ તો ઝુંપડામાં રહેતા સરાણીયા પરિવારની મહિલાઓ આવી કાળઝાળ ગરમીમાં પીવાના પાણી માટે ભટકી રહી છે. આ અંગે પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયાએ જણાવ્યુ હતું કે આ વિસ્તારની



મહિલાઓ માટે બે લાખ લીટરનો ટાંકો મંજૂર થાય તે માટે દરખાસ્ત કરવામાં આવી હતી પરંતુ ખર્ચની મર્યાદા વધી જતી હોવાથી હવે ૫૦ લાખની મર્યાદામાં ટાંકાની દરખાસ્ત કરવામાં આવી છે. જેથી મંજૂરી મળ્યે સરાણીયા વિસ્તારમાં પાણીનો ટાંકો બનાવવામાં આવશે અને સરાણીયા વિસ્તારમાં પાણીની સમસ્યા ભુતકાળ બનશે. અત્રે નોંધનીય છે કે દર વર્ષે ઉનાળામાં આ વિસ્તારમાં પાણીની વિકટ પરિસ્થતિ સર્જાય છે અને મહિલાઓને કાળઝાળ ગરમીમાં દુર સુધી પાણી માટે ભટકવું પડે છે. રાજય સરકાર દ્વારા તાત્કાલિક પાણીનો ટાંકો મંજૂર કરવામાં આવે તે માટે ગરીબ મહિલાઓએ માંગ કરી છે.

# જીવલેણ વીડિયો ગેમ્સ પર પ્રતિબંધ મૂકવા જિલ્લા ભાજપ પ્રમુખની મુખ્યમંત્રીને રજૂઆત

**બાળકોના માનસ પર વિપરીત અસર કરતી ગેમ્સ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાની માંગ**

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ અતુલ કાનાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને જીવલેણ વીડિયો ગેમ્સ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. તેમણે પત્રમાં જણાવ્યું છે કે, બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ વીડિયો ગેમ્સની અસરથી પોતાના શરીર પર બ્લેડના કાપા મારતા હોવાની ઘટના સામે આવી છે. આવી જીવલેણ ગેમ્સ બાળકોના માનસ પર વિપરીત અસર કરે છે અને તેમના મગજને ધોઈ નાખે છે. રાજ્યમાં આવી ઘટનાઓ વારંવાર જોવા મળે છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે આવી ગેમ્સ પર કાયમી પ્રતિબંધ મૂકવો જરૂરી છે. અતુલ કાનાણીએ મુખ્યમંત્રીને તાત્કાલિક આ બાબતે યોગ્ય પગલાં લેવા વિનંતી કરી છે.

# પાઈપલાઈન બાબતે ધારેશ્વર ગામના ખેડૂતો ગેરમાર્ગે દોરાઈ રહ્યા છે : કનૈયાલાલ સોલંકી

જાફરાબાદ,તા.૨૮

જાફરાબાદ અને રાજુલા શહેરને પીવાનું પાણી છેલ્લા ઘણા વર્ષોથી ધાતરવડી ડેમમાંથી જ આવે છે. આ ડેમમાંથી જાફરાબાદ ૩૩ કિલોમીટરની સિમેન્ટની પાઈપલાઈન દ્વારા પાણી લાવવામાં આવતું હતું, શરૂઆતમાં લાઈન સારી હતી ત્યારે પુરૂ પાણી મળતુ, સમય જતા આ સિમેન્ટ પાઈપલાઈનની અંદરથી ચોકઅપ થવાના કારણે તેમજ અસામાજિક તત્વો દ્વારા લાઈન તોડીને પાણીની ચોરી કરવામાં આવતી હતી, તેના કારણે ૧૦૦% માંથી ૨૦% જેટલુ પણ પાણી જાફરાબાદ કે રાજુલા શહેર સુધી પહોચતું નથી, આ બધા કારણોસર આ બન્ને શહેરોમાં ૨૦ થી ૨૫ દિવસે પણ પાણી વિતરણ થઈ શકતું નથી, આ બાબતે ધારાસભ્ય હિરાભાઈ સોલંકીને સાથે રાખીને સરકારમાં રજૂઆત કરીને, ધાતરવડી ડેમથી આ બન્ને શહેર સુધી "લોખંડની લાઈન" મંજૂર કરાવીને આ લાઈન નાખવા માટે શરૂઆત કરી, પરંતુ રાજુલાના ધારેશ્વરની આજુબાજુના અસામાજિક તત્વો, ખેડૂત પરિવારોને ખોટુ બોલીને ઉશ્કેરણી કરે છે કે, જો આ પાઈપલાઈન નાખવા દેશો તો આપણને ખેડૂત પરિવારોને ખેતી કામ માટે (સિંચાઈ) માટે પાણી મળશે નહી. જો કે પાઈપલાઈન નાખવાથી ખેડૂતોને કોઈ અસર થાય તેમ નથી. તેમ જાફરાબાદ નગરપાલિકાના ચેરમેન કનૈયાલાલ સોલંકીએ જણાવ્યું છે.

# લાઠી નગરપાલિકાનું રૂ. ૨૯.૯૦ કરોડનું બજેટ સર્વાનુમતે મંજૂર

**પ્રમુખ દયાબેન જમોડ, ઉપપ્રમુખ બાબુભાઇ ધોળકિયાની ઉપસ્થિતિમાં બેઠક મળી**

લાઠી, તા.૨૮



તસવીર : જગદીશ ખેર

રસ્તા, સફાઈ, પાણી અને સ્ટ્રીટલાઈટ માટે સૌથી વધુ જોગવાઈ કરવામાં આવી છે. લાઠી નગરપાલિકાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણી બાદ આજે નવા ચુંટાયેલા તમામ ૨૮ સભ્યોની હાજરીમાં બજેટ બેઠક મળી હતી. જેમા ૨૯.૯૦ કરોડનું બજેટ સર્વાનુમતે મંજૂર કરાયું હતું. લાઠી પાલિકાના આગામી વર્ષના બજેટમાં સૌથી વધુ રકમ શહેરના નવા રસ્તા, બગીચા, પાણી, સ્ટ્રીટલાઈટ અને સફાઈ પાછળ ખર્ચ કરવામાં આવશે. નગરપાલિકાના પ્રમુખ દયાબેન જમોડની અધ્યક્ષતામાં ઉપપ્રમુખ બાબુભાઈ ધોળકિયા તથા ચેરમેન પારુલબેન ડેરની ઉપસ્થિતિમાં આ બેઠક મળી હતી.









### રાજ્યના કૃષિ મંત્રીની વારંવાર સ્પષ્ટતા છતાં

# અમરેલી જિલ્લામાં ખેડૂતોને પરાણે પધરાવાતું નેનો ખાતર

અમરેલી, તા.૨૮

એક તરફ રાજયના કૃષિ મંત્રી વારંવાર યુરિયા ખાતર સાથે નેનો ખાતર ફરજિયાત નહીં આપવા માટેની સ્પષ્ટતા કરી રહ્યા છે અને ગઈકાલે જ રાજયની વિધાનસભામાં પણ આ અંગે રાજયના કૃષિ મંત્રી રાઘવજી પટેલે સ્પષ્ટતા કરી છે કે જો કોઈ પણ ખાતરના વિક્રેતા અથવા તો દુકાનદાર ખેડૂતોને યુરિયા અથવા તો ડીએપી સાથે ફરજિયાત નેનો ખાતર આપશે તો આવા લાયસન્સ ધારકોના લાયસન્સ રદ કરવામાં આવશે. પરંતુ કૃષિ મંત્રીની વારંવારની આવી સ્પષ્ટતાઓને અમરેલી જિલ્લાના રાસાયણિક ખાતરના વિક્રેતાઓ ઘોળીને પી ગયા હોય તેમ પરાણે નેનો ખાતર પધરાવી રહ્યા છે. થોડાક દિવસ પહેલા જ અમરેલી માર્કેટીંગ યાર્ડમાં પણ આવો જ એક કિસ્સો બન્યો હતો કે ખેડૂતો આ લાયસન્સ ધારક પાસે ડીએપી ખાતર લેવા ગયા ત્યારે તેમણે ફરજિયાત નેનો ખાતર આપવાની વાત કરી હતી અને જ્યારે ખેડૂતોએ આ અંગે ના પાડી તો તેમણે ખેડૂતોને ડીએપી ખાતર આપવાની સ્પષ્ટ ના ભણી દીધી હતી અને કહ્યું હતું કે જો ડીએપી અથવા તો યુરિયા ખાતર જોઈતું હશે તો નેનો ખાતર ફરજિયાત લેવું પડશે. અમરેલી જિલ્લાના ઘણા ખેડૂતોને આવા કડવા અનુભવો થઈ રહ્યા છે. એક તરફ રાજયના કૃષિ મંત્રી વાત કરી રહ્યા છે અને બીજી તરફ ખાતરના વિક્રેતાઓ ફરજિયાત રીતે નેનો ખાતર ખેડૂતોને પધરાવી રહ્યા છે ત્યારે સવાલ થાય છે કે શું ખેતીવાડી ખાતું ઊંઘતું જ રહેશે કે આવા ફરજિયાત નેનો ખાતર પધરાવતા લાયસન્સ ધારકો સામે કાર્યવાહી કરી અને તેમના લાયસન્સો રદ કરશે? નવાઈની વાત તો એ છે કે અમરેલી જિલ્લામાં કરોડો રૂપિયાનું નેનો ખાતર ફરજિયાત ખેડૂતોને પધરાવી દીધું હોવા છતાં અત્યાર સુધીમાં એક પણ ખાતર વિક્રેતાનું લાઈસન્સ રદ નથી થયું ત્યારે સ્વાભાવિક પ્રશ્ન છે કે આ ખેતીવાડી ખાતાની મીઠી નજર હેઠળ કારસ્તાન ચાલી રહ્યું છે કે શું ?? હાલમાં તો ખેડૂતોના કહેવાતા જિલ્લામાં એક પણ રાજકીય આગેવાને ખેડૂતો તરફથી આ અંગે એકપણ વખત કોઈ બયાન આપ્યું નથી અથવા તો ખેડૂતોને ફરજિયાત ખાતર ન પધરાવવા માટે વાત પણ કરી નથી. એ વાત સાચી છે કે નેનો ટેકનોલોજી સારી છે પરંતુ જો ખેડૂતો તેનો ઉપયોગ કરવા ન માગતા હોય તો તેને ફરજિયાત આપવું જોઈએ નહીં અથવા તો ખેતીવાડી ખાતાએ આ અંગે જનજાગૃતિના પ્રયાસો કરી અને ખેડૂતો આ ખાતર વાપરે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ ત્યારબાદ જ ફરજિયાત ખાતર વેચવું જોઈએ તેવી પણ ખેડૂતોમાંથી માંગ ઉઠી છે.

**ખેડૂતોનો અભિપ્રાય લેવો જોઈએ : સામતભાઈ જેબલીયા**

અમરેલી જિલ્લામાં ફરજિયાત નેનો ખાતર પધરાવવા અંગે ખેડૂત આગેવાન સામતભાઈ જેબલીયા જણાવ્યું હતું કે ભૂતકાળમાં જે ખેડૂતોએ નેનો ખાતરનો ઉપયોગ કર્યો છે તેવા ખેડૂતોના મંતવ્ય લેવા જોઈએ અને તેમની સાથે વાત કરવી જોઈએ કે વપરાશમાં નેનો ટેકનોલોજી સારી કે દાણાદાર ટેકનોલોજી સારી અને તેમાં જે મંતવ્યો આવે તે પ્રમાણે સરકારે ખાતર વેચવાનો પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ કોઈ પણ ખેડૂતને ફરજિયાત નેનો ખાતર આપવું જોઈએ નહીં

**નેનો ખાતર ખેડૂતોને ફ્રી આપવું જોઈએ નહીં કે ધરાર : પ્રવીણભાઈ આસોદરીયા - ખેતી નિષ્ણાંત**

સામાન્ય રીતે સરકારે ખાતર હોય કે કોઈ ટેકનોલોજી હોય તેની અમલવારી કરવી હોય ત્યારે ખેડૂતોને એક વખત સરળ રીતે સમજે તે રીતે અવગત કરવા જોઈએ, તેના માટે સરકારે એક પ્રયોગ કરવો જોઈએ ખેડૂતોને ફ્રી આપવું જોઈએ નહીં કે ધરાર આપવું જોઈએ. આજે ખાતર વિક્રેતાઓ, સેવા સહકારી મંડળીઓ જ્યાં પણ ખેડૂત યુરિયા, ડીએપી કે અન્ય ખાતર લેવા જાય છે ત્યારે એમને નેનો યુરિયાની બોટલ સાથે આપે છે. કૃષિ મંત્રી વિધાનસભામાં એવું કહે છે કે તે ફરજિયાત નથી તેમ છતાં ખાતર વિક્રેતાઓ ખેડૂતોને આપી રહ્યા છે. ખેડૂતો મને-કમને તેની ખરીદી કરતા હોય છે. મારે એક કૃષિ નિષ્ણાંત તરીકે જણાવવું છે કે ફાયદો થવાનો હોય, ખર્ચ ઓછો થવાનો હોય છતાં ખેડૂતો નથી સ્વીકારતા તો ખેડૂતોને માહિતીથી અવગત કરવા જોઈએ અને નેનો યુરિયા ખરેખર ફાયદાકારક છે એવું સાબિત કરવા માટે ૫૦ વર્ષ અગાઉ જ્યારે ડીએપી ખાતરના વપરાશ માટે આ જ ખેતીવાડી ખાતુ અને આ જ ગ્રામસેવકોએ ખેડૂતોના ખેતરે જઇ અને વપરાશ શરૂ કરાવ્યો હતો એવો પણ એક પ્રયોગ કરી શકાય અને જો ખેડૂતોને યોગ્ય લાગશે તો આવતા વર્ષે તે ચોક્કસ વાપરશે.

**ખેડૂતો જાગૃત બની આવા દુકાનદારો સામે ફરિયાદ કરે : બી.એચ. પીપળીયા - નાયબ ખેતી નિયામક**

આ અંગે ખેતીવાડી ખાતાના અધિકારી સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે જો કોઈ ખેડૂતો આ અંગે ફરિયાદ કરશે તો આવા વિક્રેતાઓના લાયસન્સ રદ કરવામાં આવશે ત્યારે ખેડૂતો પણ જાગૃત બનીને જ્યારે પણ આવી રીતે ફરજિયાત નેનો ખાતર પધરાવવામાં આવે ત્યારે ખેતીવાડી ખાતાના અધિકારીનો ટેલીફોન નં.૦૨૭૯૨ ૨૨૧૫૯ સંપર્ક કરે અને આવા લાયસન્સ ધારક વિરુદ્ધ લેખિતમાં ફરિયાદ કરે તો ખેતીવાડી અધિકારી એમની સામે કાયદેસરની કાર્યવાહી પણ કરશે.

# બગસરામાં વેરા વધારાના વિરોધમાં ચેમ્બરની હાઈકોર્ટમાં પીટીશન

બગસરા,તા.૨૮

બગસરા પાલિકા દ્વારા શહેરની જનતા ઉપર કરવેરાનો અસહ્ય બોજ નાખતા બગસરા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ વેરા વધારાનો સખત વિરોધ કરવા છતાં નવા કરવેરા નવા વર્ષથી લાગુ કરવા પાલિકાના સત્તાધીશો દ્વારા ખોટા દસ્તાવેજી પુરાવાઓ ઊભા કરી અને ખોટા ખર્ચાઓ કરી પાલિકાને ખોટમાં દર્શાવેલ અને પ્રજા સમક્ષ ખોટી માહિતીઓ આપી કરવેરા વધાર્યા હોવાનું જણાવ્યુ હતું ત્યારે પાલિકાના બજેટમાં પુરાંત વાળુ બજેટ રજૂ કરેલ જે અસંગતતા દર્શાવવામાં આવી છે. કોમર્શિયલ માટે ૮૫૦ અને રહેણાંકમાં ૭૫૦ જેટલો વેરો વધારો કરાયો હતો જેના લીધે શહેરની પ્રજાની માથે કારણ વગરનો ૧૦૦ ગણો વધારો કરી લોકો ઉપર બોજો આપવાનું કામ પાલિકા સત્તાધીશો કરી રહ્યા છે તેની સામે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શહેર બંધનું એલાન પણ આપવામાં આવ્યું હતું. જેનો બહોળો પ્રતિસાદ મળેલ હતો. ભાવનગર આરસીએમ અને જિલ્લા કલેકટર તેમજ ગુજરાત રાજ્ય શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ વિભાગ પાલિકા દ્વારા કરાયેલ વેરા વિરોધની જાણ કરેલ તેમ છતાં પાલિકા અને સરકાર દ્વારા કોઈ યોગ્ય પગલાં ન લેવાતા આખરે ચેમ્બરે ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખખડાવી સ્પેશિયલ પીટીશન દાખલ કરી હતી જેને હાઈકોર્ટ દ્વારા યોગ્ય ઠેરવી તારીખ ૭-૫-૨૦૨૫ના રોજ પાલિકા અધિકારીઓને હાજર રહેવા નોટીસ આપવામાં આવી હતી.

# જિલ્લામાંથી માટી ઉપાડવા માટે મંજૂરી આપવાની માંગ

**જિલ્લા પ્રમુખ અતુલ કાનાણીએ જળ સંસાધન મંત્રીને પત્ર પાઠવ્યો**



અમરેલી,તા.૨૮

હાલ અમરેલી જિલ્લામાં શિયાળુ પાકની મોસમ પુરી થઈ ગઈ છે ત્યારે ઉનાળુ તેમજ ચોમાસુ પાક સારો આવે તે માટે ચેકડેમ, નદી-નાળામાંથી માટી લેવાની મંજૂરી આપવામાં આવે તે માટે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ જળ સંસાધન મંત્રીને પત્ર પાઠવ્યો છે. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ જળ સંસાધન મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને પત્ર પાઠવી જણાવ્યું છે કે, અમરેલી જિલ્લામાં આવેલ તમામ ચેકડેમ તેમજ તળાવોમાંથી માટી કાઢવા માટે મંજૂરી આપવામાં આવે તો ખેડૂતોને ખેતીની જમીનમાં ખુબ જ ઉપયોગી થાય તેમ છે. જે તે ચેકડેમ અને તળાવો ઉંડા થવાથી પાણીનો પણ સંગ્રહ મોટા પ્રમાણમાં થઈ શકે તેમ છે. જેથી જિલ્લાના તમામ ચેકડેમ અને તળાવોમાંથી માટી, કાંપ ઉપાડવાની મંજૂરી આપવામાં આવે તેવી પત્રના અંતમાં રજૂઆત કરી છે.

# ધાતરવડી ડેમ-૧માં પાઈપલાઈન નાખવાનો વિરોધ ઉગ્ર બન્યો

**અધિક કલેક્ટરનું જાહેરનામું હોવા છતાં સભામાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટ્યા**



અમરેલી,તા.૨૮

રાજુલાના ધાતરવડી ડેમ ૧માં નગરપાલિકા દ્વારા પાઈપ નાખવાનો વિરોધ ઉગ્ર બન્યો છે. અમરેલી અધિક કલેક્ટરનું જાહેરનામું હોવા છતાં ધારેશ્વર ગામે સભાસ્થળે મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટ્યા હતા. સંમેલનમાં ખેડૂતોની સાથે સાથે ખેડૂત પરિવાર મહિલાઓ પણ જોડાઈ હતી. ખેડૂત નેતા રાજુ કરપડા પણ ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટતાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશ્યલ ઓપરેશન બ્રાન્ચ અને રાજુલા, જાફરાબાદ સહિત આસપાસની પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. ખેડૂતોએ પાઈપલાઈન નાખવાનો શાંતિમય રીતે વિરોધ કર્યો હતો.

# લીલીયા તાલુકા પંચાયતનું બજેટ સર્વાનુમતે મંજૂર

લીલીયા, તા.૨૮

લીલીયા મોટા તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલ સામાન્ય સભામાં સને ૨૦૨૪-૨૫નું સુધારેલ તથા અને ૨૦૨૫-૨૬ નું રૂ.૧૯,૪૬,૨૨,૫૯૬/-નું પુરાંત વાળું વાર્ષિક અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ છે. આ સામાન્ય સભામાં તાલુકા પંચાયતના પ્રમુખ ગીતાબેન કાનજીભાઈ નાકરાણી, તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય, જયભાઈ માળવી તેમજ તાલુકા પંચાયતના સદસ્યો તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બજેટમાં તાલુકાના વિકાસ કાર્યો, આરોગ્ય, શિક્ષણ, પાણી પુરવઠા, રસ્તાઓ, સ્વચ્છતા અને ગ્રામીણ વિકાસને લગતા વિવિધ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ બજેટ દ્વારા લીલીયા તાલુકાના વિકાસને નવી દિશા મળશે.





વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances

એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭

કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪


## અવસાન નોંધ

**ભાવનગર**

ઝવેરભાઈ વિઠ્ઠલભાઈ ભીમાણી (ઉ.વ.૯૧) તા.૨૨/૩ના રોજ રામચરણ પામેલ છે. તે સ્વ.વિનોદભાઈ, સ્વ.દિપકભાઈ, મનોજભાઈ, અનસુયાબેન, મનીષાબેનના પિતા, સ્વ.ચંપાબેનના પતિ, ભારતીબેન, મધુબેન, દિનાબેનના સસરા, સ્વ.અમૃતલાલ ટી. હમીરાણી, હરેશભાઈ એન. ઝાંઝરૂકિયાના સસરા, જીજ્ઞેશભાઈ, રિંકુબેન, નિશાંતભાઈ, પ્રિયંકાબેન, નિલેશભાઈ, અક્ષયાબેન, દિપ્તીબેન, સુમિતભાઈ, દર્શિતભાઈ, મોક્ષ, ધ્યાના, હેઝલના દાદા થાય. બેસણુ તા.૨/૪ના સવારે ૮ થી ૧૦, ઉત્તરક્રિયા તા.૧૦ થી ૧૨, વરિયા પ્રજાપતિ જ્ઞાતિની વાડી, પ્રભુદાસ તળાવ ચોક, ભાવનગર રાખેલ છે.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 132

**સંકુલ ધો. ૧૧ પ્રવેશ – A1 A2 ગ્રેડને ફી રાહત**

**સંકુલ ધો. ૧૨ રીઝલ્ટ – A1 A2 ગ્રેડને ફી પરત**

★ ધો. ૧૧ આર્ટસ કોમર્સ સાયંસ માં પ્રવેશ લેનાર ધો. ૧૦ A1 ગ્રેડને ધો. ૧૧–૧૨ બન્ને વર્ષ 50% ફી રાહત – A2 ગ્રેડને 25%

★ ધો. ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ માં A1 ગ્રેડ લાવનારને ધો. ૧૧–૧૨ બન્ને વર્ષની ભરેલ ફી 50% પરત – A2 ગ્રેડને 25% (સંકુલ કોલેજ પ્રવેશ લેનારને)

★ KG ટુ PG – સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા – ઉચ્ચ પરિણામ


# અમરેલી જિલ્લામાંથી ૧૧ પીધેલા પકડાયા

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૧ ઈસમોને કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા ઝડપી પાડ્યા હતા. જાફરાબાદમાં બંદર ચોક પાસેથી એક યુવકના રહેણાંક મકાનેથી ૨ લીટર તથા અમરેલી બહારપરામાં એક મહિલાના રહેણાંક મકાનેથી ૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

## મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પ.અ.નં. ૫૩/૨૫ — તા.૨૮/૦૩/૨૦૨૫

**વિવાદી-** શ્રી ગજેરા જસમતભાઈ કુરજીભાઈ રહે.લોનકોટડા તા.બાબરા જિ.અમરેલી મો.૯૮૨૫૯૪૭૯૩૬

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત લોનકોટડા તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **મોજે.લોનકોટડા** ગામના રહીશ આ કામના અરજદારના પુત્રી **રીંકલબેન જસમતભાઈ ગજેરાના જન્મ તા.૦૧/૦૬/૧૯૯૨ ના રોજ મોજે.લોનકોટડા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય, જે તે સમયે તેમના **જન્મની** નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૧૮/૦૨/૨૦૨૫** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફતે **અત્રેની કોર્ટમાં મુદત તા.૦૩/૦૪/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર**
**બાબરા**


**નિત્યા સ્કીન ક્લિનીક**

સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

**ઉપલબ્ધ સારવાર**

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

**ઉપલબ્ધ સારવાર**

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**જિલ્લાની તમામ શાળાઓમાં બાળકોનું કાઉન્સેલિંગ કરવા માટે પરિપત્ર કરાશે**

# મોટા મુંજીયાસરના પૂર્વ સરપંચે શાળાને બદનામ કરવાનું કાવતરું ગણાવ્યું

બગસરા તા. ૨૮

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે બાળકો દ્વારા પોતાની જાતે બ્લેડ વડે કાપવા મારવાની ઘટનામાં પૂર્વ સરપંચે સમગ્ર ઘટના રાજકીય હોવાનું જણાવ્યું હતું. જ્યારે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા આવી ઘટના જિલ્લામાં ક્યાંય ન બને એ બાબતે માર્ગદર્શનનો પરિપત્ર કરવા જણાવ્યું હતું. ગામના પૂર્વ સરપંચ રમેશભાઈ સતાસિયાએ આ સમગ્ર ઘટના રાજકીય હોવાનું જણાવી શાળાને બદનામ કરવા માટે અમુક તત્વો દ્વારા આ બાબતો બહાર લાવવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આ ઘટના બન્યા પછીના બે ત્રણ દિવસમાં તમામ વાલીઓને બોલાવી તેમને આ ઘટનાથી માહિતગાર કરી દેવાયા હતા. ભોગ બનેલા વિદ્યાર્થીઓના વાલી દ્વારા એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે ઘટના મીડિયા સુધી પહોંચી ગયા પછી પૂર્વ સરપંચ દ્વારા અમોને દબાણ કરી આવી કોઈ





ઘટના બની નથી તેવું લેખિતમાં આપવા માટે માગણી કરેલ હતી જો કે આ બાબતે પૂર્વ સરપંચે જણાવ્યું હતું કે આ બાબતે કોઈ દબાણ કરવામાં આવ્યુ નહોતુ. આ ઘટનામાં શિક્ષકો જવાબદાર છે તેવુ લખાણ આપવા માટે દબાણ કરવામાં આવતા વાલીઓ પણ રોષે ભરાયા હતા. જેથી શાળાએ કોઈ વાલીઓ ગયા ન હતા. એએસપી ગઢવીએ સમગ્ર બાબતનો અહેવાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને સોંપી દીધો છે તેમજ આગામી દિવસોમાં તેમના દ્વારા રિપોર્ટ કરવામાં આવશે તો ગુનો દાખલ કરવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું.

# અમરેલીના નવા ખીજડીયા પાસે ટ્રેક્ટર પલટી મારતા ચાલકનું મોત

અમરેલી,તા.૨૮

અમરેલી-ધારી રોડ પર નવા ખીજડીયા પાસે ગંભીર અકસ્માત સર્જાયો છે. કારખાનેથી બ્લોક ભરીને વાંકીયા તરફ જતા ટ્રેક્ટરે અચાનક પલટી ખાધી હતી. આ અકસ્માતમાં ટ્રેક્ટર ચાલક પંછીભાઈ પ્રભુભાઈ ટાંક ટ્રેક્ટર નીચે દબાઈ ગયા હતા. ટ્રેક્ટર ટ્રોલી સાથે પલટી મારતા પંછીભાઈ ટાંક ટ્રેક્ટર નીચે દબાઈ ગયા હતા. તેમનું



ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અમરેલી તાલુકા પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે.

# સાવરકુંડલામાં રહેતા કોન્ટ્રાક્ટરનો મોબાઈલ પડી જતા પોલીસ ફરિયાદ

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલામાં રહેતા એક કોન્ટ્રાક્ટરનો મોબાઈલ પડી ગયો હતો. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે જીતેન્દ્રભાઈ કીશોરભાઈ બગડા (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, તેઓ પોતાના ઘરેથી કન્સટ્રક્શનના કામ અર્થે સાવરકુંડલા-ભુવા રોડ ખાતે જતા હતા. તે દરમિયાન સાવરકુંડલા હાથસણી રોડ, વણજારા વાસ પાસે પહોચતા ખિસ્સામાં જોયુ તો તેમનો મોબાઈલ નહોતો અને સ્વીચ ઓફ આવતો હતો. પોલીસ ચોપડે ફોનની કિંમત રૂ. ૧૮,૪૯૯ જાહેર થઈ હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. રાજુલામાં રહેતા મુકેશભાઈ દિતાભાઈ રાઠોડ (ઉ.વ.૪૫) નોકરીએથી પરત આવતા હતા ત્યારે પેન્ટના ખિસ્સામાંથી પડી ગયેલા મોબાઈલની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો.

# શીતલ કૂલ પ્રોડક્ટ્સ લિમિટેડ દ્વારા રાષ્ટ્રીય આઈસ્ક્રીમ દિવસની ઉજવણી

અમરેલી,તા. ૨૮

શીતલ આઈસ્ક્રીમ દ્વારા રાષ્ટ્રીય આઈસ્ક્રીમ દિનની ઉજવણી કરવામાં આવી હતી. ૨૭ માર્ચને રાષ્ટ્રીય આઈસ્ક્રીમ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જે ભારતીય આઈસ્ક્રીમ ઉત્પાદક સંગઠન (IICMA) દ્વારા પ્રમુખ સુધીર શાહ અને સચિવ આશિષ નાહરના




નેતૃત્વ હેઠળ એક સીમાચિહ્નરૂપ પહેલ છે. ભારત સરકારના મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી રાજ્યમંત્રી એસપી સિંહ બઘેલની હાજરીમાં આ મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી. એક ગૌરવશાળી ભારતીય આઈસ્ક્રીમ ઉત્પાદક તરીકે, શીતલ દેશના અર્થતંત્ર અને રાંધણ વારસામાં ઉદ્યોગના યોગદાનની આ નોંધપાત્ર માન્યતા બદલ IICMA ને હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ તકે દેશભરના આઈસ્ક્રીમ પ્રેમીઓએ આઈસ્ક્રીમ દિનની શુભકામના પાઠવી હતી.

# આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ભેરાઈ પ્રા.શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ



રાજુલા, તા.૨૮

આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ભેરાઈ પ્રાથમિક શાળામાં મેડિકલ ઓફિસર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર, મેલ પર્પઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર, સરપંચ વાલાભાઈ રામ, પ્રિન્સિપાલ અર્ષીભાઈ, શિક્ષક, ભેરાઈના માર્ગદર્શન હેઠળ કિશોર અને કિશોરી સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક કીટનું વિતરણ ૧૧ થી ૧૯ વર્ષના બાળકોને કરવામાં આવ્યું હતું.


**પ્રોહિબીશનના ગુનામાં છેલ્લાં ઘણા સમયથી પોલીસને હાથતાળી આપતો હતો**

# દાઠા પોલીસ સ્ટેશનના નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી અમરેલી એલસીબી

**વિક્ટરના શખ્સને ઝડપી દાઠા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો**

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી અને પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ



કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસ વડાએ માર્ગદર્શન આપેલ હોય જેથી અમરેલી એલસીબી પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ભાવનગર જિલ્લાના દાઠા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપી ભાવેશ રણછોડ વાંજા રહે. વિકટર તા. રાજુલાવાળાને પોલીસે ઝડપી પાડયો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી દાઠા પોલીસને સોંપવામાં આવ્યો હતો.

# બગસરાના અમરાપરામાં પતિએ પત્નીને મુંઢમાર માર્યો

**સાસરિયાએ જાનથી મારવાની ધમકી આપી**

બગસરા, તા. ૨૮

બગસરાના અમરાપરામાં પતિએ પત્નીને ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ માવજીંજવા ગામે રહેતી ધારાબેન સિતાંશુભાઈ પરમાર(ઉ.વ.૨૮)એ બગસરાના અમરાપરામાં રહેતા પતિ સિતાંશુ અમૃતભાઈ પરમાર, રેખાબેન અમૃતભાઈ પરમાર તથા અમૃતભાઈ જીવરાજભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓએ તેમને કરિયાવર તેમજ ઘરકામ બાબતે મેણાટોણા બોલી શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપ્યો હતો. તેમજ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પતિએ આડેધઢ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એચ.મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

# ટેકાના ભાવે ચણાની ખરીદી શરૂ ન થતા જિલ્લાના ખેડૂતોને ભારે નુકસાન

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષે શિયાળુ પાકમાં ચણાનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર થયું છે. ત્યારે ખેડૂતો ખુલ્લા યાર્ડમાં ૧૦૦૦ થી ૧૦૨૦ના ભાવે ચણા વેચવા મજબૂર થયા છે. સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં ન આવતા ખેડૂતોને સસ્તા ભાવે ચણા વેચવા પડે છે. અને ટેકાના ભાવે ખરીદી ક્યારે શરૂ થશે તે નક્કી ન હોવાથી



ખેડૂતોને નુકસાની ભોગવવાનો વારો આવ્યો છે. જિલ્લામાં ચાલુ વર્ષે ચણાના પાકમાં સુકારો અને રોગ આવતા ચણાનો ઉતારો પણ સારો નથી આવ્યો અને ચણાનો પાક બગડી ગયો હતો. આ ઉપરાંત માર્કેટિંગ યાર્ડમાં ચણાના ભાવ સારા ન મળતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે સરકાર દ્વારા ટેકાના ભાવે ચણાની ખરીદી ૧૧૩૦ ભાવથી કરવાની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ ખરીદી શરૂ ન થવાથી ખેડૂતોને હાલ નુકસાની સહન કરીને ચણા વેચવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ અમાસ
તા. ૨૯-૦૩-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૬:૧૫,
સૂર્યાસ્ત-૦૬:૩૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૨૯-૦૩-૨૦૨૫ શનિવાર

મેષઃ કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

વૃષભઃ આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે.

મિથુનઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો.

કર્કઃ અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઇઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે.

સિંહઃ જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે.

કન્યાઃ તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે.

તુલાઃ લવમેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે.

વૃશ્ચિકઃ વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

ધનઃ વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે.

મકરઃ તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે.

કુંભઃ ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે.

મીનઃ ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે.

# લાઠીની ગાગડીયો નદીના પટમાં અજાણી મહિલાની લાશ મળતા પોલીસ દોડી

**મહિલાની ઓળખ મેળવવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા**

અમરેલી,તા.૨૮

લાઠી શહેર નજીક આવેલી ગાગડીયો નદીના પટમાં એક અજાણી મહિલાની નગ્ન હાલતમાં લાશ મળી આવી છે. સ્થાનિક લોકોએ નદીમાં તરતી લાશ જોતાં તરત જ લાઠી પોલીસને જાણ



તસવીર : જગદીશ ખેર

કરતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને નદીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મહિલાની ઓળખ થઈ શકી નથી. પોલીસને આ મહિલા પરપ્રાંતીય હોવાની આશંકા છે. પોલીસે મહિલાની ઓળખ માટે સ્થાનિક લોકો પાસેથી માહિતી એકત્રિત કરવાનું શરૂ કર્યુ છે. મહિલા પોલીસ કર્મચારીઓની ટીમ સહિત પોલીસે વિવિધ દિશાઓમાં તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી છે. મહિલા કોણ છે અને મહિલાની હત્યા છે કે આત્મહત્યા તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

# ધારી અને લાઠીમાં યુવકે ગળાફાંસો ખાધો

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં બે યુવકોએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ધારીના વેકરિયાપરામાં રહેતા કાળુભાઈ અરજણભાઈ વાઘેલા (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર કલ્પેશભાઈ કાળુભાઈ વાઘેલાએ અગમ્ય કારણોસર પોતાની મેળે ઘરે રૂમમાં દોરી વડે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.વી. જુણેજા વધુ તપાસ કરી રહ્યા છે. લાઠીમાં રહેતા શૈલેષભાઈ હરીભાઈ મેર (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, ગોવિંદભાઈ હરીભાઈ મેર (ઉ.વ.૨૩)એ આર્થિક સંકડામણના કારણે સીલીંગ પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સમઢીયાળા ગ્રામ પંચાયતમાં ખોટું સોગંદનામું રજૂ કરી લગ્ન નોંધાવનારી મહિલા સામે ફરિયાદ

**વલ્લભીપુરના રંગપુર ગામના યુવકે ફરિયાદ નોંધાવી**

બગસરા, તા.૨૮

બગસરાની સમઢીયાળા ગ્રામ પંચાયતમાં ખોટું સોગંદનામું રજૂ કરી લગ્ન નોંધાવનારી મહિલા સામે વલ્લભીપુરના રંગપુર ગામના યુવકે ફરિયાદ નોંધાવી હતી. દિનેશભાઈ દેવજીભાઈ વઢવાણા (ઉ.વ.૨૬)એ ગીતાબેન દિનેશભાઈ વઢવાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમની સાથે એક વાર લગ્ન કર્યા હતા. જે લગ્નના છુટાછેડા કર્યા વગર ખોટા સોંગદનામા રજૂ કરી સમઢીયાળા ગ્રામ પંચાયત ખાતે નિતીનભાઈ ધીરૂભાઈ ચૌહાણ સાથે બીજા લગ્ન કરી લીધા હતા.

આમ પતિએ તેની પત્ની સામે ફરિયાદ નોંધાવી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાંથી પાંચ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં પોલીસ પ્રોહિબીશન સામે સતત કામગીરી કરી રહી છે. અમરેલી શહેરમાંથી પાંચ સહિત જિલ્લામાંથી કુલ નવ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા. ડેડાણ ગામેથી બે લીટર અને આંબલીયાળા ગામેથી પાંચ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. બે ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

# સાવરકુંડલામાંથી ચોરાયેલા મોબાઈલ ફોન સાથે બેની ધરપકડ કરતી પોલીસ

**પોલીસે મોબાઈલ ફોન જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી**

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં મોબાઈલ ચોરીની ઘટના જાણે સામાન્ય બની ગઈ હોય તેવુ લાગી રહ્યું છે. મોબાઈલ ચોરી થયા બાદ અમરેલી એલસીબી મોબાઈલ ચોરોને પકડવા માટે સક્રિય ભૂમિકા ભજવી રહી છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના માર્ગદર્શન



નીચે એલસીબી પીઆઈ વી.એમ. કોલાદરાની ટીમ દ્વારા ટેકનીકલ સોર્સના આધારે અલગ-અલગ જગ્યાએથી બે ઈસમોને ચોરીના મોબાઈલ ફોન સાથે ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા શખ્સોએ



પોતાના નામ અકરમ ગુલમહમદ કાલવા રહે. સાવરકુંડલા અને રામભાઈ ગાંગાભાઈ ઓડેદરા રહે. પોરબંદરવાળાને મોબાઈલ ફોનના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા.

તંત્રી લેખ

# ભારતે અમેરિકન ટેરીફની આફતને અવસરમાં ફેરવી

અમેરિકાએ ભારતને ટેરીફ વધારવાની ધમકી આપી પરંતુ ભારતે કળથી કામ લઈને આ આફતને અવસરમાં ફેરવી છે. ભારતે પણ રેસિપ્રોકલ લગાડવાની વાત કરી એટલે અમેરિકા ઢીલું પડ્યું. બીજી બાજુ ચાઈના જેવા દેશ પર અમેરિકાએ વધુ ટેરીફ નાખતા ચાઈના અને ભારત વચ્ચેના વેપારને વધારવાની ભારતને તક મળી. સત્તાની તાકાતથી જગતના દેશોને દબડાવતા અમેરિકા સામે યુરોપિયન યુનિયનના દેશો પણ ડોનાલ્ડ ટ્રમ્પની સામે થયા! તો બીજી બાજુ ભારતે કળથી કામ લીધું!! અભિમાનથી માણસ ફુલાઈ શકે છે, ફેલાય નથી શકતો. આ દુનિયામાં કેટલાકને ધનનું અભિમાન હોય છે, કેટલાકને શક્તિનું અભિમાન હોય છે, કેટલાકને જ્ઞાનનું અભિમાન હોય છે, કેટલાકને સત્તાનું અભિમાન હોય છે, કેટલાકને રુપનું અભિમાન હોય છે, કેટલાકને જીભે સરસ્વતી બિરાજેલી હોવાનું અભિમાન હોય છે, આવા દરેકને પોતપોતાના અભિમાનને પોષનારા પણ મળી રહે છે પણ તેનું અભિમાન એટલા ગણ્યા-ગાંઠ્યા પૂરતું જ મર્યાદિત હોય છે અને પોતે ફુલાયા કરે છે પણ ફેલાઈ શકતા નથી. આ વાત દરેક માનવીને લાગુ પડે છે. સત્તાની ખુરશી પર બિરાજમાન થયેલા જગતના જમાદાર ગણાતા ડોનાલ્ડ ટ્રમ્પને પણ આ વાતનો અહેસાસ હવે થઈ ચૂક્યો છે. સત્તા પ્રાપ્તિની સાથે જ જગતના દેશોને ધમકાવવાનું શરૂ કરી દીધું, અને તાત્કાલિક એનો અમલ કરીને કેનેડા સહિતના દેશો પર આકરા કરવેરા નાખ્યા, જેથી કરીને તે દેશનો માલ અમેરિકાની અંદર વેચાઈ શકે નહીં પરંતુ માત્ર એક સપ્તાહમાં આની એવી અસર થઈ કે અમેરિકન પ્રજા તોબા પોકારી ગઈ, કારણ કે અમેરિકામાં ચીજવસ્તુના ભાવ આસમાને ચડી ગયા. કારણ કે વિદેશમાંથી આવતી વસ્તુઓ પર ભારે કર લાગતા તે વસ્તુના ભાવ ડબલ કરતાં પણ વધી ગયા. પ્રજા પરેશાન છે. અમેરિકાએ ચાઈના પર આકરો કર નાખ્યો પરિણામે ચાઈનાની સસ્તી વસ્તુ અમેરિકામાં મોંઘીદાટ બની ગઈ અને પ્રજા મુશ્કેલીમાં મુકાઈ ગઈ. હાથના કર્યા હૈયે વાગે એ આનું નામ. બીજી બાજુ કેનેડા જેવા દેશે અમેરિકાને આંખ બતાવી. અને અમેરિકાથી આયાત થતા માલસામાનને વેચવાનું બંધ કરી દીધું. એટલા કરવેરા નાખ્યા કે જેને કારણે અમેરિકન માલસામાન જતો બંધ થઈ ગયો. અભિમાનમાં આવીને ડોનાલ્ડ ટ્રમ્પે જે વગર વિચારે પગલા ભર્યા છે. જેને કારણે યુ.એસ. ઈકોનોમીને ગંભીર નુકસાન થઈ રહ્યું છે. અને આને કારણે જ અમેરિકાએ ભારત પર આકરા કરવેરા લાદવાનું લગભગ માંડી વાળ્યું છે. કારણ કે જો અમેરિકા ભારતીય માલસામાન પર આકરો ટેરીફ નાખે તો અમેરિકાની ઈકોનોમી વધુ ડાઉન થઈ જાય, બીજી બાજુ ભારત સાથે જો આવું કરવામાં આવે તો વળતા જવાબમાં પગલાં ભરીને ભારત તેને ઈંટનો જવાબ પથ્થરથી આપી શકે તેમ છે, કારણ કે વિશ્વની અંદર ભારત સૌથી મોટું બજાર છે અને અમેરિકાના પ્રોજેક્ટ તથા અન્ય કંપનીઓ અને અમેરિકાનો સામાન ભારતમાં મોટા પ્રમાણમાં વેચાય છે તે સપ્લાય પર ભારત આકરા પગલા ભરે. જો આમ બને તો અમેરિકાની ઈકોનોમી ડાઉન થઈ જાય તે હકીકત છે. વિશ્વના તમામ દેશો આજે એકબીજા સાથે વેપારથી જોડાયેલા છે. આંતરરાષ્ટ્રીય સમજૂતી અનુસાર દરેક દેશો આયાત નિકાસ કરે છે અને દરેક દેશોને ઓછા-વત્તા પ્રમાણમાં લાભ થાય છે. આ લાભનું પ્રમાણ એટલું મર્યાદિત હોય છે કે જેને કારણે દુનિયાની આર્થિક વ્યવસ્થાને નુકસાન થતું નથી પરંતુ જો અમેરિકા જેવા દેશો આયાત થનારી વસ્તુ ઉપર વધુ પડતો કર નાખે તો અમેરિકાને ફાયદો થાય પરંતુ અમેરિકાનો માલ વેચાયા વગર પડ્યો રહે અને તેને નુકસાન થાય.

# અરાજકતાને આરે પહોંચેલા બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તનનો માહોલ



બાંગ્લાદેશમાં ફરી સત્તા પરિવર્તન થાય તેવી શક્યતાઓ ઊભી થઈ છે આની પાછળ દોરીસંચાર અન્ય દેશોનો પણ હોઈ શકે તેવી વાતો વહેતી થઈ છે પરંતુ હવે બાંગ્લાદેશની પ્રજા ભૂખે મરવા લાગી છે. બીજી બાજુ એના લઘુમતીઓ પર અત્યાચાર કરીને તે લોકોએ જાતે જ પોતાની કબર ખોદી છે. કારણ કે આનાથી ભારત, અમેરિકા સહિતના તમામ દેશો બાંગ્લાદેશની વર્તમાન સરકારની વિરુદ્ધ થઈ ગયા છે અને અંદરખાનેથી બાંગ્લાદેશની વર્તમાન યુનુસ સરકારને ઉથલાવી દેવાના આંતરરાષ્ટ્રીય કાવતરા શરૂ થઈ ગયા છે .બાંગ્લાદેશ અંગે સોશ્યલ મીડિયા પર અફવાઓનું બજાર તેજ છે. પાટનગર ઢાકા અને અન્ય મોટાં શહેરોમાં સૈનિકો અને સુરક્ષાકર્મીઓની ભારે તૈનાતી પછી તે ચર્ચા જોર પકડી રહી છે કે, મોહમ્મદ યુનુસની સરકારનો તખ્તાપલટ થવાનો છે. જોકે આ મુદ્દે મોહમ્મદ યુનુસ કે સેના પ્રમુખ વકાર-ઉઝ-ઝમાન તરફથી કોઈ પ્રતિક્રિયા મળી નથી, છતાં છેલ્લાં ૨૪ કલાકમાં અફવા અને ચર્ચા જોર પકડી રહ્યાં છે. આ પરિસ્થિતિમાં સેનાધ્યક્ષે આપાતકાલીન બેઠક બોલાવી છે. આ બધી ઘટનાઓના કેન્દ્રમાં સેનાધ્યક્ષ વકાર-ઉઝ-ઝમાન માનવામાં આવે છે. તેઓ ઉપર સત્તા સંભાળી લેવા દબાણ થઈ રહ્યું હોવાનું પણ કહેવાય છે. આ પૂર્વે તેઓએ ચેતવણી આપી હતી કે, દેશમાં આતંકી હુમલા વધવાનો ભય છે. દેશ પર ઈસ્લામિક આતંકવાદનો ખતરો ઝળુંબી રહ્યો છે. આ ચેતવણી તેઓએ તેવે સમયે આપી છે કે, જ્યારે છાત્ર સંગઠનો, બેફામ વધી રહેલા ભ્રષ્ટાચાર, સતત વધતી મોંઘવારી અને લાંબા સમયથી ચાલતી અરાજકતા જેવી સ્થિતિને લીધે વ્યાપાર, ઉદ્યોગોમાં થઈ રહેલી પીછેહઠ તેના પરિણામે યુવાનોમાં વધતી બેકારીને લીધે યુનુસનાં વડપણ નીચે ચાલતી સરકાર વિરૂદ્ધ લોકો વિશેષતઃ યુવાનો રસ્તા ઉપર આવી ગયા છે. દેશમાં અરાજકતા જેવો માહોલ છે. શું બાંગ્લાદેશની સેના શેખ હસીનાને ફરીથી વડાપ્રધાન બનાવવાનો પ્રયાસ કરી રહી છે, શું સેના બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસને ઉથલાવી પાડવા જઈ રહી છે. આ દાવો બાંગ્લાદેશના એ જ વિદ્યાર્થીઓ કરી રહ્યા છે જેમણે ઓગસ્ટ ૨૦૨૪માં શેખ હસીનાને વડાપ્રધાન પદ પરથી હાંકી કાઢ્યા હતા. આ વિદ્યાર્થી આંદોલનને કારણે શેખ હસીનાને પોતાનો દેશ છોડવો પડયો. પરંતુ શું બાંગ્લાદેશમાં પરિસ્થિતિ ફરી પલટાઈ જશે ? શું મોહમ્મદ યુનુસની સરકાર ખરેખર ઉથલાવી દેવાની છે? બાંગ્લાદેશમાં બળવાનો આરોપ લગાવીને વિદ્યાર્થીઓના નવા રચાયેલા રાજકીય પક્ષ, એનસીપીએ હંગામો મચાવી દીધો છે. વિદ્યાર્થીઓના આ આરોપોએ માત્ર બાંગ્લાદેશમાં જ નહીં પરંતુ પડોશી દેશોમાં પણ હલચલ મચાવી દીધી છે. તમને જણાવી દઈએ કે બાંગ્લાદેશના રાજકારણમાં નવા રચાયેલા વિદ્યાર્થી-નેતૃત્વવાળા પક્ષના આરોપોને લઈને ખળભળાટ મચી ગયો છે. પરંતુ તેમણે એ ખુલાસો કર્યો નથી કે વિદ્યાર્થીઓએ આ આરોપ કયા આધારે લગાવ્યો છે. તેમણે સ્પષ્ટપણે સેનાને નિશાન બનાવી છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે સેના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાની અવામી લીગને પુનઃસ્થાપિત કરવાની યોજના બનાવી રહી છે. સેનાએ વિદ્યાર્થી પક્ષ એનસીપી દ્વારા લગાવવામાં આવેલા આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે, અને તેમને "હાસ્યાસ્પદ અને બનાવટી વાર્તાઓ" ગણાવી છે. તમને જણાવી દઈએ કે નેશનલ સિટીઝન પાર્ટીએ દેશના પ્રતિષ્ઠિત ઢાકા યુનિવર્સિટી કેમ્પસમાં વિરોધ રેલીઓ યોજી હતી અને પાર્ટીને પુનઃસ્થાપિત કરવાના "લશ્કરી સમર્થિત કાવતરા"ને કોઈપણ કિંમતે નિષ્ફળ બનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. સ્વીડન સ્થિત બાંગ્લાદેશ-કેન્દ્રિત ન્યૂઝ ચેનલ, નેટ્રો ન્યૂઝને જારી કરાયેલા એક નિવેદનમાં, લશ્કરી મુખ્યાલયે કહ્યું, "આ એક રાજકીય સ્ટંટ સિવાય બીજું કંઈ નહોતું."સેનાએ આ દાવાઓને "હાસ્યાસ્પદ અને બનાવટી વાર્તાઓ" ગણાવ્યા. વિદ્યાર્થી પક્ષના અગ્રણી નેતાઓમાંના એક હસનત અબ્દુલ્લાએ શનિવારે દાવો કર્યો

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

હતો કે સૈન્ય "શુદ્ધ" અવામી લીગને પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ઢાકા યુનિવર્સિટી કેમ્પસમાં એનસીપી દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શન દરમિયાન, અબ્દુલ્લાના સેંકડો સમર્થકોએ સેના પ્રમુખ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને હસીના અને તેમના 'સાથીઓ'ને ટ્રાયલ પછી ફાંસી આપવાની માંગ કરી. બે દિવસ પહેલા એક ફેસબુક પોસ્ટમાં, અબ્દુલ્લાએ દાવો કર્યો હતો કે ભારતના ઈશારે સોફિસ્ટિકેટેડ અવામી લીગના નામે અવામી લીગને પુનર્જીવિત કરવાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. શેખ હસીના ૨૦૦૯માં મહિલાઓ અને યુવાનોના ઉત્સાહી સમર્થન સાથે સત્તામાં આવ્યા હતા. તેમના નેતૃત્ત્વમાં બાંગ્લાદેશે ૧૧ વર્ષ સુધી માથાદીઠ આવકમાં ૫% આર્થિક વૃદ્ધિ કરી હતી. બાંગ્લાદેશ ચીન પછી બીજું સૌથી મોટું કાપડ નિકાસકાર બન્યું હતું, પરંતુ હવે લાગે છે કે, તેનો એક મોટો હિસ્સો જોબલેસ ગ્રોથનો હતો. ૨૦૨૨ના આંકડા મુજબ, બાંગ્લાદેશના ૧૫થી ૨૪ વર્ષના ૩૦% યુવાનો બેરોજગાર છે. આર્થિક વિકાસ પર સરકારનું ફોકસ સામાજિક વિકાસથી થયું હતું, પરંતુ તેની સાથે જ દેશમાં લોકશાહી સ્વતંત્રતા પણ ધીમે-ધીમે ઘટતી ગઈ. જાન્યુઆરી ૨૦૨૪ની ચૂંટણી સૌથી વિવાદાસ્પદ હતી અને વિપક્ષે તેનો બહિષ્કાર કર્યો હતો. બાંગ્લાદેશની જેમ જ માત્ર બે વર્ષ પહેલા જ, બાંગ્લાદેશ જેવી સ્થિતિને કારણે શક્તિશાળી રાજપક્ષે પરિવાર શ્રીલંકામાંથી પલાયન કરી ગયો હતો. પડોશી મ્યાનમારની સ્થિતી પણ સારી નથી અને પાકિસ્તાનનું અસ્તિત્વ માંડ-માંડ ટકેલું છે. બાંગ્લાદેશનો ઘટનાક્રમ ભારત માટે અત્યંત નકારાત્મક સાબિત થશે. કેમકે, નવી દિલ્હીએ અવામી લીગ સરકાર સાથે ગાઢ સંબંધ બનાવવાનો નિર્ણય લીધો હતો, જ્યારે કે આપણા પશ્ચિમી મિત્રોએ તેના વિરુદ્ધ વિનમ્ર ચેતવણીઓ આપી હતી. અમેરિકા અને બ્રિટને સ્પષ્ટ કહ્યું હતું કે, જાન્યુઆરીમાં ત્યાંની ચૂંટણી સ્વતંત્ર અને નિષ્પક્ષ ન હતી. બાંગ્લાદેશને અમેરિકા દ્વારા પ્રાયોજિત લોકશાહી શિખર સંમેલનમાંથી પણ બહાર રખાયું હતું. બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિની ચિંતાનું કારણ જમાત-એ-ઈસ્લામી છે. આ સંગઠન પર લાગેલો પ્રતિબંધ હવે દૂર થવાની સંભાવના છે અને તે પાકિસ્તાનની આઈએસઆઈની મદદથી ભારત વિરુદ્ધ પોતાના ઝેરી અભિયાનને અંજામ આપવા સ્વતંત્ર થઈ જશે. ત્યાંના મુખ્ય વિપક્ષ બાંગ્લાદેશ નેશનલ પાર્ટી (બીએનપી)નું કહેવું છે કે, તેને ભારત સામે કોઈ વાંધો નથી. મીડિયા સાથે વાત કરતા સંગઠનના વરિષ્ઠ નેતાઓએ કહ્યું કે, ભારત બાંગ્લાદેશ માટે મહત્ત્વપૂર્ણ છે. વરિષ્ઠ બીએનપી નેતા ખાંડેકર મુશર્રફ હુસેને પીટીઆઈને કહ્યું કે, બાંગ્લાદેશને બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થવાની આશા છે. પાર્ટીના ઉપાધ્યક્ષ અબ્દુલ અવલ મિન્ટુએ કહ્યું કે, બાંગ્લાદેશ ભારતને એક મિત્ર તરીકે જુએ છે, પરંતુ વચગાળાની સરકાર દ્વારા વિદેશ નીતિ જોઈ રહેલા પૂર્વ વિદેશ સચિવ તૌહિદ હુસેની નિમણૂંક નવી દિલ્હીમાં ખતરાની ઘંટડી વગાડી શકે છે. શેખ હસીનાને દેશ છોડીને ભાગવું પડશે. આ એટલું અકલ્પનીય હતું કે, ભારતે હસીના સરકાર પડી ભાંગ્યાના લાંબા સમય સુધી પોતાનું કોઈ નિવેદન આપ્યું ન હતું. હસીનાના નવી દિલ્હી પહોંચ્યાના એક દિવસ પછી લોકસભામાં બોલતા વિદેશમંત્રી એસ. જયશંકરે કહ્યું કે, ભારતે તેમને સંયમ રાખવાની સલાહ આપી હતી અને આગ્રહ કર્યો હતો કે, વાટાઘાટો દ્વારા સ્થિતિને શાંત પાડવામાં આવે, પરંતુ દેખાવકારો ઢાકામાં એકત્રિત થયા પછી હસીનાએ ભારત આવવાની મંજૂરી માગી હતી. ત્યાર પછી વડાપ્રધાન મોદીએ નોબેલ વિજેતા મોહમ્મદ યુનુસના નેતૃત્ત્વવાળી બાંગ્લાદેશની વચગાળાની સરકારને અભિનંદન સંદેશો આપ્યો અને તેમને હિન્દુઓ તથા અન્ય લઘુમતીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી. પરંતુ આ ઝનૂની લોકોએ ભારતની કોઈ અપીલને ગણકારી નથી અને ત્યાંના લઘુમતી હિન્દુઓ પર અત્યાચાર કરવામાં કોઈ કસર બાકી રાખી નથી આની સામે અમેરિકાએ પણ સખત વાંધો લીધો છે. સમસ્યા એ છે કે, બાંગ્લાદેશના હિંસક અને રાજકીય ઉથલ-પાથલથી ભરેલા ઈતિહાસને જોતાં હવે ત્યાં સ્થિરતા કરવા માટે અસામાન્ય પ્રયાસ કરવા પડશે. ભારતે આવી પરિસ્થિતિઓમાં પેદા થતી મુશ્કેલીઓ માટે તૈયાર રહેવું પડશે. બાંગ્લાદેશ ભારતના પાંચ રાજ્યોને સ્પર્શે છે અને અગાઉ પણ ત્યાં અલગતાવાદીઓ અને આતંકવાદીઓને સમર્થન મળતું રહ્યું છે. જો નવી દિલ્હીએ શેખ હસીનાને ભરપૂર સમર્થન આપ્યું હતું તો તેનું કારણ એ પણ હતું કે, તેમણે આવાં તત્વોને રોકવા માટે ભારતને ભરપૂર સમર્થન આપ્યું હતું. ટૂંક સમયમાં હવે બાંગ્લાદેશની અંદર સત્તા પરિવર્તન થશે એ ચોક્કસ છે અને તે ભારતના હિતમાં હશે તેમ માનવામાં આવે છે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૬૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૨૬૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૬૦ |
| બટેટા | ૧૧૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૭૦ | ૩૧૦ |
| ટમેટા | ૧૨૦ | ૨૬૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૪૦૦ |
| સકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૫૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૨૨૦ | ૪૩૦ |
| ભીંડો | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૭૦૦ |
| ટીંડોળા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૫૦ | ૪૩૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૩૦ | ૫૧૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૦૦ |
| મેથી | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૩૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૧૪૦ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦ | ૧૬૦ |
| મરચા | ૨૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૮૦૦ |
| કોબી | ૩૦ | ૮૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૬૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૧૧૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૪૦ | ૩૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૮૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૧૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૪૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૧૪૦૦ |
| બટેટા | ૧૪૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૪ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| પચકારુ | ૨૫૦ | ૩૫૦ |
| ચુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગુંદા | ૮૨૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૭ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૧૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૩૨૦ | ૭૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૩૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૨૪૦ |
| લસણ પુરા | ૧૫ | ૩૦ |
| પાલક પુરા | ૨ | ૫ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૮૦ | ૩૧૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૧૦ |
| શકકરીયા | ૨૦૦ | ૩૦૦ |
| ટમેટાં | ૧૨૦ | ૧૫૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૦૦ | ૨૪૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| વટાંણાં | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શકકરટેટી | ૨૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૨૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોરો | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૦૦ | ૨૦૦ |
| લીમડો મીઠો | ૨૪૦ | ૩૬૦ |
| મરચાં લીલાં | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૭૦૦ | ૮૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મકાઈ | ૧૦૦ | ૨૦૦ |
| લીબું | ૧૬૦૦ | ૨૪૦૦ |
| પાલક | ૩૦૦ | ૫૦૦ |

**મોટા લીલીયા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૬૬ | ૧૪૧૬ |
| કપાસ સી ગ્રેડ | ૪૭૦ | ૯૭૫ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૭૧ | ૧૪૬૧ |
| મગફળી | ૮૯૬ | ૮૯૬ |
| ચણા | ૯૯૯ | ૧૦૪૦ |
| તુવેર | ૧૨૭૧ | ૧૨૭૧ |
| ઘઉં | ૬૨૫ | ૬૨૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૨૧ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૩૧૧ |

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું
મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ
૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

# મ્યુચ્યુઅલ ફંડમાં કુલ રોકાણકારોમાં મહિલાઓનો હિસ્સો ૨૫% જેટલો વધ્યો

મુંબઈ,તા.૨૮



મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરનારા કુલ રોકાણકારોમાં મહિલાઓનો હિસ્સો એક ચતુર્થાંશ એટલે કે ૨૫% સુધી વધી ગયો છે. તે જ સમયે, વ્યક્તિગત રોકાણકારોની સંપત્તિમાં મહિલા રોકાણકારોનો હિસ્સો એક તૃતીયાંશ સુધી પહોંચી ગયો છે. આનો અર્થ એ થયો કે સ્ત્રીઓ પુરુષો કરતાં વધુ રોકાણ કરી રહી છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (AMFI) અને CRISIL ના અહેવાલ મુજબ, માર્ચ ૨૦૧૯ માં મહિલા રોકાણકારોની એસેટ અંડર મેનેજમેન્ટ (AUM) રૂ. ૪.૫૯ લાખ કરોડ હતી, જે માર્ચ ૨૦૨૪ માં બમણાથી વધુ વધીને રૂ. ૧૧.૨૫ લાખ કરોડ થઈ ગઈ. રિપોર્ટ અનુસાર, મહિલા રોકાણકારોમાં બ્રોકરની મદદ વિના સીધા રોકાણનું વલણ ઝડપથી વધી રહ્યું છે. માર્ચ ૨૦૨૪ સુધીમાં, તેમના AUMનો લગભગ ૨૧% ડાયરેક્ટ પ્લાન દ્વારા આવ્યો હતો. માર્ચ ૨૦૧૯ માં, આ આંકડો ૧૪.૨૦% હતો. યુવા મહિલા રોકાણકારોમાં આ વલણ સૌથી ઝડપી છે. ૨૫-૪૪ વર્ષની વય જૂથની મહિલાઓમાં કુલ AUMમાં ડાયરેક્ટ પ્લાન દ્વારા રોકાણનો હિસ્સો ૧૬% થી વધીને ૨૭.૩% થયો છે, જ્યારે ૫૮ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓમાં તે ૧૩.૯% થી વધીને ૧૭.૬% થયો છે. મ્યુચ્યુઅલ ફંડમાં મહિલાઓનું રોકાણ ૧૧ લાખ કરોડ રૂપિયા છે. આમાં, ૨૫ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓનું રોકાણ સૌથી ઓછું ૧.૬% છે.

# એપ્રિલ મહિનામાં ૧૬ દિવસ બેન્કો બંધ રહેશે, ખાતેદારોને હાલાકી પડશે


મુંબઈ,તા.૨૮




એપ્રિલ મહિનો શરૂ થવાને હવે થોડા જ દિવસો બાકી છે. એપ્રિલ મહિનામાં વિવિધ રાજ્યો અને શહેરોમાં બેંકો કુલ ૧૬ દિવસ બંધ રહેશે. ૪ રવિવાર અને બીજા-ચોથા શનિવાર સિવાય, વિવિધ સ્થળોએ બેંકો ૧૦ દિવસ બંધ રહેશે. આવતા મહિને, ૧૪ એપ્રિલે ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મજયંતી છે અને ૧૮ એપ્રિલે ગુડ ફ્રાઈડે છે. આવી સ્થિતિમાં, જો તમને આવતા મહિને બેંક સંબંધિત કોઈ મહત્વપૂર્ણ કામ હોય, તો તમે આ રજાઓ સિવાય બેંકમાં જઈ શકો છો. બેંક રજાઓ હોવા છતાં, તમે ઓનલાઈન બેંકિંગ અને એટીએમ દ્વારા પૈસાની લેવડદેવડ કરી શકો છો અથવા અન્ય કામ કરી શકો છો.

બેંક રજાઓથી આ સુવિધાઓને અસર થશે નહીં. એપ્રિલ ૨૦૨૫ માં ૧૧ દિવસ સુધી શેરબજારમાં કોઈ ટ્રેડિંગ થશે નહીં. શનિવાર અને રવિવારે ૮ દિવસ સુધી કોઈ ટ્રેડિંગ થશે નહીં. આ ઉપરાંત, ૧૦ એપ્રિલે મહાવીર જયંતી, ૧૪ એપ્રિલે ડૉ. આંબેડકર જયંતી અને ૧૮ એપ્રિલે ગુડ ફ્રાઈડે પર પણ શેરબજાર બંધ રહેશે.

## શબ્દ સંજોગ-૧૯૭૪



**આડી ચાવી :**
(૧) એક તેજાનો (૪)
(૪) પ્રતિઘોષ, પરછંદો (૩)
(૬) એક જૈન મંત્ર (૪)
(૭) પલાયન કરી ગયેલુ (૨)
(૯) વરરાજા (૪)
(૧૧) અડવું તે, સ્પર્શવું તે (૨)
(૧૨) એક તેજાનો (૨)
(૧૩) એક અંગ્રેજી આલ્ફાબેટ (૨)
(૧૪) માર્ગ, છુટવાનો ઉપાય (૨)
(૧૫) પંચ ભૂતમાંનો એક પદાર્થ (૨)
(૧૬) ગણિતનો આંકડો (૨)
(૧૮) દોલત, પૈસો (૨)
(૨૦) ખરાબ (૨)
(૨૨) મુશ્કેલી, ત્રાસ (૪)
(૨૫) સૂતરના તાર કે દોરાની આંટી (૨)
(૨૭) એક દક્ષિણ ભારતીય વાનગી (૩)
(૨૯) એક પક્ષી (૩)
(૩૧) ગીત-રાહી...દુઃખ કી ચિંતા કયુ સતાતી હૈ... (૩)
(૩૨) લજ્જા, શરમ (૨)
(૩૩) એક વિલાયતી દારૂ (અ) (૨)

**ઉભી ચાવી :**
(૧) રાવણનો પુત્ર (૪)
(૨) પ્રાચીન યુનાન દેશનો રહેવાસી (આ-અ) (૩)
(૩) ફાટેલુ કપડું, કંથા (૩)
(૪) એકબીજાને, અરસપરસ (૪)
(૫) કમકમાટી ઉપજાવે એવુ (૨)
(૮) પાણી ઉડતું પડે એવી રચના, ઝરો (૩)
(૧૦) યજ્ઞ કરાવવો તે (૩)
(૧૩) હથિયાર (૩)
(૧૪) પ્રેમી, આશક (૩)
(૧૭) નરમ, પોચું (૪)
(૧૯) રામની સેનાનો એક વાનર (૨)
(૨૧) ગલપટા જેવું વિલાયતી ઢબનું એક વસ્ત્ર (૪)
(૨૩) એક જાતના પાટીદાર (૩)
(૨૪) બદદાનત, કપટ (૨)
(૨૬) ત્રણ પૈસા (૨)
(૨૮) ફકત, કેવળ (૨)
(૩૦) નિગ્રહ, સંયમ (૨)

## શબ્દ સંજોગ-૧૯૭૩ જવાબ

**આડી ચાવીઃ** (૧) કમલ (૩) ભવન (૬) સસલું (૭) હેમંત (૮) રમણ (૧૦) વરૂ (૧૧) તલ (૧૨) વગર (૧૪) મકર (૧૬) ધરપત (૨૧) વર્ગ (૨૨) શરમ (૨૩) રજુ (૨૪) ધરમ (૨૫) વિસામો (૨૬) કર્મ (૨૭) નગ.

**ઉભી ચાવીઃ** (૧) કસરત (૨) લસણ (૩) ભલું (૪) નહેરું (૫) કાતર (૯) મલમ (૧૦) વરધ (૧૨) વર (૧૩) કાંપ (૧૫) કસ (૧૭) રકત (૧૮) તરજુમો (૧૯) શ્રવણ (૨૦) શરમન (૨૨) શર (૨૩) રસાલો (૨૪) ધર્મ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# એચ-ટાટ બદલી કેમ્પની મંજૂરી મળતા શિક્ષણમંત્રી ડીંડોરનો આભાર મનાયો

**શિક્ષણમંત્રીનું મોઢું મીઠુ કરાવવામાં આવ્યુ**



અમરેલી,તા.૨૮

ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીડોરે સંગઠનને ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહેવા માટે જાણ કરી હતી. જેથી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રાંત અધ્યક્ષ મિતેશભાઈ ભટ્ટ, મહામંત્રી પરેશકુમાર પટેલ(આણંદ), મહામંત્રી અને પ્રાથમિક સંવર્ગના મહામંત્રી પરેશભાઈ પટેલ, સરકારી ઉચ્ચતર માધ્યમિક સંવર્ગના અધ્યક્ષ ચેતનાબેન, સરકારી માધ્યમિક સંવર્ગના અધ્યક્ષ નયનભાઈ, મહામંત્રી ચિરાગભાઈ ઉપસ્થિત રહ્યા હતા. HTAT સંવર્ગના ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ હર્ષદભાઈ દ્વારા HTAT બદલી કેમ્પની તારીખ જાહેર કરવા માટે સવારથી જ ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીડોરની શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે મુલાકાત કરી ચર્ચા કરીને પ્રકરણ-સીમાં સુધારા સાથેની અન્ય બાબતો અને બદલી કેમ્પ યોજવા માટે મંજૂરી મળી જતા શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોરને મિઠાઈ ખવડાવીને આભાર માનવામાં આવ્યો હતો.

# વિધાનસભામાં 'ગુજરાત ગો-વંશ સંવર્ધન વિધેયક-૨૦૨૫' થયુ પાસ

ગાંધીનગર,તા.૨૮

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે વિધાનસભા ગૃહ ખાતે ''ગુજરાત ગો-વંશ સંવર્ધન (નિયમન) વિધેયક-૨૦૨૫'' રજૂ કરતા જણાવ્યું હતું કે, આ કાયદો અમલમાં આવવાથી ગુજરાતમાં પશુ સંવર્ધનના વિવિધ પાસાઓના સુચારુ નિયમન માટેની સુદ્રઢ વ્યવસ્થા ઉભી થશે. દૂધ ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભરતા મેળવી પશુપાલકોની આવક વધારવા રાજ્ય સરકારે પશુ સંવર્ધન, ઓલાદ



સુધારણા અને કૃત્રિમ બીજદાન જેવા આયામો ઉપર વિશેષ ભાર મૂક્યો છે. આ કાયદો અમલમાં આવતા પશુપાલકોને પોતાના પશુના સંવર્ધન માટે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા કૃત્રિમ બીજદાનના ડોઝ મળવાથી પશુની આવનાર પેઢીની ગુણવત્તા જળવાઈ રહેશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું. વિધેયક અંગે વિગતવાર માહિતી આપતા પશુપાલન મંત્રીએ જણાવ્યું હતું કે, પશુ સંવર્ધન થકી પશુની દૂધ ઉત્પાદન ક્ષમતા વધારવા, રોગપ્રતિકારક શક્તિ વધારવા અને હવામાન પરિવર્તન અનુકૂલન ક્ષમતા વધારવા માટે અનેક વર્ષોથી રાજ્યના પશુપાલકો તેમના પશુઓમાં કૃત્રિમ બીજદાન કરાવી રહ્યા છે. પરંતુ કૃત્રિમ બીજદાન માટે ઉપયોગમાં લેવાતા પશુઓના વીર્યની ગુણવત્તાને નિયંત્રિત કરવા માટે હાલમાં કોઈ પર્યાપ્ત નિયમન અમલમાં ન હતું.

# આશારામને ત્રણ મહિના માટે જામીન આપતી ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ,તા.૨૮



આસારામના જામીનને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા લંપટ આસારામને ૩ મહિનાના હંગામી જામીન આપવામાં આવ્યા છે. સુરત દુષ્કર્મ કેસમાં જેલમાં સજા કાપી રહેલા આસારામે ૬ મહિના માટે જામીન માગ્યા હતા. જેને લઈને ગુજરાત હાઈકોર્ટમાં આશારામની જામીન અરજી પર એ.એસ. સુપેહિયાની કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી અને મેડિકલ ગ્રાઉન્ડ પર તેને ૩ મહિના માટેના જામીન આપવામાં આવ્યા છે. ૫ માર્ચે હાઈકોર્ટમાં સુનાવણી થઈ ત્યારે સમગ્ર મામલે બંને પક્ષોની રજૂઆતને લઈને જામીન અરજીનો ચુકાદો રદ રાખ્યો હતો. જોકે હાઈકોર્ટ દ્વારા આજે આસારામને મેડિકલ ગ્રાઉન્ડ પર ૩ મહિનાના હંગામી જામીન આપવામાં આવ્યા છે.

# ભેંસાણના વાઘણીયા પ્રાથમિક શાળાના શિક્ષકનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો

ભેંસાણ,તા,૨૮

ભેંસાણ તાલુકાની વાઘણીયા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ હંસરાજભાઈ ભુવાનો વિદાય સમારંભ યોજાયો હતો. આ વિદાય સન્માન સમારંભમાં વિવિધ સામાજિક સંગઠન અને સમાજના વિવિધ પ્રમુખો તથા ૩૦ થી વધારે જુદી જુદી સંસ્થાઓ અને વ્યક્તિઓએ ૩૬ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક સેવા બજાવનાર આ શિક્ષકનું બહુમાન કર્યું હતું. આ



પ્રસંગે ભેંસાણ તાલુકા પંચાયતના પ્રમુખ ગાંડુભાઈ કથીરિયા, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી કે.કે. ચાવડા, જેતપુરના અગ્રણી ઉદ્યોગપતિ અશ્વિનભાઈ ભુવા, ગોંડલના અગ્રણી ઉદ્યોગપતિ ઘુસાભાઈ રામાણી, ખંભાળિયાના પટેલ સમાજના પ્રમુખ જે.ડી. ભુવા, છોડવડી ગ્રામ પંચાયતના સરપંચ મનુભાઈ પાઘડાર, ખંભાળિયા ગ્રામ પંચાયતના સરપંચ સુરેશભાઈ, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ-જૂનાગઢના જિલ્લા પ્રમુખ સુરેશભાઈ ખુમાણ અને તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ ભુવા, પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ જયેશભાઈ જાદવ, પ્રાથમિક શિક્ષક શરાફી મંડળીના મંત્રી નિતેશભાઈ માથુકિયા, નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ જીતુભાઈ શીલુ, સી.આર.સી. અધિકારી ચંદુભાઈ ગોંડલીયા સહિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યાં હતા.

# યાત્રાળુઓને હવે અંબાજી, શામળાજી, ઈડર સહિતના રસ્તાના ટ્રાફિકમાંથી રાહત મળશે

મહેસાણા,તા.૨૮

સાબરકાંઠા જિલ્લામાં NH-૧૬૮G પર ઈડર-બડોલી બાયપાસ (૧૪.૨ કિમી) ની પાકા શોલ્ડર સાથે ૪-લેન રોડના નિર્માણ માટે રૂ.૭૦૫.૦૯ કરોડની મંજૂરી મળી છે. આ રસ્તાને પાકા શોલ્ડર, ફ્લેક્સિબલ પેવમેન્ટ, ગ્રેડ-સેપર્ડ સ્ટ્રક્ચર્સ અને રક્ષણાત્મક કાર્યો સાથે ૪-લેન કન્ફિગરેશનમાં અપગ્રેડ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ઈડર-બડોલી ૪-લેનને મંજૂરી મળી ત્યારે ખેડૂતોની જમીનના બે ટુકડા થતા હોવાથી તો કેટલાક ખેડૂતો પાસે જમીન બચતી ન હોવાથી વિરોધ થયો હતો. આ પ્રોજેક્ટથી અંબાજી જતાં યાત્રાળુઓને રાહત મળશે, ઈડર શહેરની ટ્રાફિક સમસ્યા હળવી બનશે. NH-૧૬૮G, NH-૬૮ મહેસાણાની નજીક નીકળે છે, વિસનગર, વડનગર, ખેરાલુ, ઈડર, બડોલી અને ભિલોડામાંથી પસાર થાય છે, રાજસ્થાન સરહદની નજીક શામળાજી નજીક NH-૪૮ પર સમાપ્ત થાય છે.

# ધોરાજીના જૂનાગઢ રોડ રેલવે ઓવરબ્રિજનું કામ શરૂ થતાં લોકો મુશ્કેલીમાં મુકાયા

ધોરાજી, તા. ૨૮

ધોરાજીના જૂનાગઢ રોડ રેલવે ઓવરબ્રિજનું કામ શરૂ થતા જ પ્લાસ્ટિક એસોસિએશનના ૩૦૦ કારખાના તેમજ દુકાનદારો અને રહેણાક વિસ્તારના લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. સ્વામિનારાયણ મંદિર પાસે આવેલ રેલવે ફાટક ઉપર ઓવરબ્રિજ બનવાનું કામ શરૂ થતા જિલ્લા કલેકટરે જે પ્રકારે



તસ્વીર : નયન કુહાડીયા

ડાયવર્ઝન કર્યું છે તે લોકોને ખૂબ જ મુશ્કેલી રૂપ બની ગયું છે. આ વિસ્તારના લોકોએ ધોરાજીના ડેપ્યુટી કલેક્ટર અને મામલતદારને આવેદનપત્ર પાઠવીને વિરોધ પણ દર્શાવ્યો છે. તેમજ આ વિસ્તારના ૩૦૦ થી વધુ કારખાનેદારો તેમજ

ધોરાજી જૂનાગઢ

રોડ ઉપરના તમામ દુકાનદારો અને રહેણાંક વિસ્તારના લોકોને પણ ભારે હાલાકી ભોગવી પડી રહી છે. આ બાબતે તંત્ર જાગૃત બનીને તાત્કાલિક નવો ડાયવર્ઝનનો રોડ નજીક બનાવે અને પાકો પેવર રોડ દ્વારા બનાવે તેવી માંગ કરવામાં આવી હતી. ધોરાજીની જનતા જન આંદોલન છેડે એ પહેલા તંત્ર હરકતમાં આવે તેવી લોકમાંગ ઉઠી હતી.

# ઉનામાં રમજાન ઈદ, રામનવમીને લઈ અસામાજીક તત્વો વિરૂદ્ધ કામગીરી

ઉના, તા. ૨૮

જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. નિલેશ જાજડીયાની સૂચના મુજબ પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન.જાડેજા સાહેબની સૂચના અનવ્યે આગામી દિવસોમાં રમજાન ઈદ તથા રામનવમીનો તહેવાર આવનાર હોય જે અનુસંધાને ઉમેજ, સનખડા તથા ખાણ ગ્રામ્ય વિસ્તારમાં ફ્લેગ માર્ચ કરવામાં આવેલ તેમજ ઉના પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર



તસ્વીર : કૈલાશ ભટ્ટ

એમ.એન. રાણા સાહેબ તથા ઉના પો.સ્ટે.નો પોલીસ સ્ટાફ તથા પી.જી.વી.સી.એલ. સ્ટાફ સાથે પોલીસ દ્વારા ઉમેજ, સનખડા, ખાણ ગ્રામ્ય વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ કોમ્બીંગ કરી અસામાજીક પ્રવૃત્તિ કરતા તેમજ પ્રોહી.ની ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો ભગુભાઈ ઉકાભાઈ જાદવ રહે ઉમેજ, દિપકભાઈ ઉકાભાઈ જાદવ રહે.ઉમેજ, યોગેશભાઈ કરણાભાઈ રાઠોડ રહે.સનખડા, સતુભા કાળુભા ગોહિલ રહે. સનખડા, રસીક જીણાભાઈ બાંભણીયા રહે.ખાણ વાળાઓના રહેણાક મકાનોએ કોમ્બીંગ કરી રહેણાકના દસ્તાવેજો, લાઈટ બીલો, નળ કનેકશન તથા વીજ કનેકશનની વિગતો ચેક કરી અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# વેરાવળની કોટક હાઈસ્કૂલમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગીર સોમનાથ,તા.૨૮

ગીર સોમનાથ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી સંચાલીત વિકસિત ભારત@૨૦૪૭ વિઝન-વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ અંતર્ગત 'યુથ એસેમ્બલી" વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન મણીબેન કોટક હાઈસ્કૂલ, વેરાવળ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં વેરાવળની શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની છ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબર ભલાણી ખુશી, દ્વિતીય નંબર પંડ્યા આરતી અને





ચોથો નંબર ઈશા શુક્લએ પ્રાપ્ત કરી અનુક્રમે પ્રથમને Rs. ૨૧૦૦૦, દ્વિતીયને Rs. ૧૫૦૦૦ અને ચોથાને Rs. ૫૦૦૦ ઈનામ પ્રાપ્ત થયેલ છે અને રાજ્ય કક્ષાએ ભાગ લેવા માટે પસંદ થયેલ છે. સંયોજક તરીકે ડૉ જે.ડી. મુંગરાએ કામગીરી કરેલ હતી. વક્તૃત્વ સ્પર્ધાના વિષયોમાં (૧) ભારતીય બંધારણના ૭૫ ગૌરવશાળી વર્ષ (૨) વિકસીત ભારત@૨૦૪૭ (૩) વન નેશન, વન ઈલેકશન : વિકસીત ભારત માટે માર્ગ મોકળોનો સમાવેશ થાય છે.

# સ્વામિનારાયણના સંતોને માપમાં બોલવો રાકેશપ્રસાદ મહારાજે આપી ચેતવણી

વડતાલ,તા.૨૮

સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો દ્વારા હિન્દુ દેવી-દેવતાઓ વિશે અવારનવાર કરવામાં આવતી વિવાદાસ્પદ ટિપ્પણીઓને કારણે હિન્દુ સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે વડતાલના ગાદીપતિ આચાર્યએ સ્વામિનારાયણના બફાટ્યા સંતોને ચેતવણી આપી છે. સ્વામિનારાયણના બફાટ્યા સંતોને વડતાલના ગાદીપતિ રાકેશપ્રસાદ મહારાજે ચેતવણી આપતા જણાવ્યું હતું કે, સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ સંતો માપમાં રહે... અનેક એવા સંતો છે જે વ્યાસપીઠ પરથી ઘરની વાર્તા કરતા હોય...માટે અન્ય દેવી-દેવતાઓની નિંદા ન કરશો. આપણે જાણતા અજાણતા શ્રીજી મહારાજના નિયમોથી વિપરીત ચાલીએ છીએ. વિપરીત ચાલીએ છીએ એટલે કલેશ થાય છે. માટે બધાએ માપમાં વરતવું જોઈએ.

# ગીર સોમનાથ જિલ્લાની ટી.બી. મુક્ત થયેલી પંચાયતોનું કલેકટરના હસ્તે સન્માન

ઉના,તા.૨૮

ગીર સોમનાથ જિલ્લાની ૧૪૮ પંચાયતો વર્ષ-૨૦૨૪માં ટી.બી. મુક્ત બની છે. સમગ્ર રાજ્યમાં ટી.બી.ની આ પ્રકારની કામગીરીમાં ગીર સોમનાથ જિલ્લો રાજ્યમાં ત્રીજા ક્રમાંકે રહ્યો છે. જિલ્લાની પંચાયતોની કામગીરીની સરાહના કરવા માટે આજે કલેક્ટર કચેરી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ટી.બી. મુક્ત બનેલી પંચાયતોનું જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ



જાડેજાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં વેરાવળ તાલુકાના ૩૩ અને તાલાલા તાલુકાના ૩૩ ટી.બી. મુક્ત પંચાયતના સરપંચોને ''ટીબી મુક્ત પંચાયત''ના પ્રમાણપત્ર અને મેમેન્ટો આપવામાં આવ્યા હતાં. આ તકે, વેરાવળ અને તાલાલા તાલુકાના ક્ષય વિભાગના કર્મચારીઓ-અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# માહી ડેરીએ પ્રોત્સાહન રકમ પેટે રૂ.૪૨.૭૨ કરોડ ચુકવતા સભાસદ પશુપાલકોમાં આનંદ

રાજકોટ, તા.૨૮

દૂધ ઉત્પાદકોની સંસ્થા માહી ડેરી દર વર્ષે તેના સભાસદ પશુપાલકોને પ્રોત્સાહન રકમની ચૂકવણી કરી રહી છે. ચાલુ વર્ષે પણ માહી ડેરીએ ૪૨.૭૨ કરોડ રૂપિયા જેટલી માતબાર રકમ પ્રોત્સાહનરૂપે ચૂકવતા સૌરાષ્ટ્ર-કચ્છના હજારો પશુપાલકોમાં આનંદ છવાઈ ગયો છે. ચાલુ વર્ષે માહી ડેરીના નિયામક મંડળે ડેરીમાં દૂધ ભરાવતા સભ્યોને વાર્ષિક પ્રોત્સાહનની રકમ ચૂકવવા પર મંજૂરીની મહોર મારતા ડેરીમાં વાર્ષિક દૂધ આપૂર્તિના માપદંડોનું પાલન કરનારા પશુપાલકોને ઉનાળુ તેમજ વાર્ષિક પ્રોત્સાહન વળતરરૂપે ૪૨.૭૨ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. ડેરીએ ચાલુ વર્ષે સંસ્થાના સભાસદ પશુપાલકોને સમગ્ર વર્ષ દરમિયાન દૂધના સરેરાશ ભાવ પણ વધુ ચૂકવ્યા છે તે ઉપરાંત વાર્ષિક દૂધ આપૂર્તિના માપદંડોની પૂર્તિને ધ્યાને રાખી દૂધ ઉત્પાદકોને વાર્ષિક ધોરણે પ્રોત્સાહન રકમની પણ ચૂકવણી કરતા સૌરાષ્ટ્ર - કચ્છના હજારો દૂધ ઉત્પાદક સદસ્યોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. સાથે સાથે ઉનાળામાં દૂધ આપૂર્તિને પ્રોત્સાહન મળે તે હેતુથી સંસ્થાના નિયામક મંડળ દ્વારા આગામી વર્ષે ઉનાળાના સમયમાં એટલે કે એપ્રિલ-૨૦૨૫થી જુલાઈ-૨૦૨૫ દરમિયાન ડેરીમાં દૂધ ભરનાર દૂધ ઉત્પાદક સભ્યોને રૂ. ૨.૦૦ સુધીના પ્રોત્સાહનની રકમ અલગથી ચૂકવવાનો નિર્ણય જાહેર કર્યો છે. તેના કારણે પશુપાલકોનો આનંદમાં વધારો થયો છે.


**મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પ.અ.નં. ૫૨/૨૫ તા.૨૮/૦૩/૨૦૨૫

**વિવાદી-** શ્રી ગજેરા આંબાભાઈ ભુરાભાઈ રહે.લોનકોટડા તા.બાબરા જિ.અમરેલી મો.૯૮૨૫૯૪૭૯૩૬

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદીઃ-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત લોનકોટડા તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**

**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **મોજે.લોનકોટડા** ગામના રહીશ આ કામના અરજદારના પિતા **ભુરાભાઈ પોલાભાઈ ગજેરાના મરણ તા.૦૮/૦૫/૧૯૮૦ ના રોજ મોજે.લોનકોટડા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય, જે તે સમયે તેમના **મરણની** નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **મરણ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૧૩/૦૨/૨૦૨૫** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **મરણ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફતે **અત્રેની કોર્ટમાં મુદત તા.૦૩/૦૪/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર**
**બાબરા**



**-//મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં. મરણ નોંધણી/અરજી નં.૯૪/૨૦૨૪

અરજદારશ્રીઃ- રોશનબેન જમાલભાઈ મકવાણા
રે. પીયાવા તા. સાવરકુંડલા જી. અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ-.... ૧. તકમશ્રી પીયાવા, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પતિશ્રી **જમાલભાઈ હુસેનભાઈ મકવાણાનું મરણ તા.૦૫/૧૨/૧૯૯૭** ના રોજ મુ.પીયાવા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૪/૦૩/૨૯૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# વિશ્વની ટોપ ૧૦ અબજોપતિ મહિલાઓમાં એકમાત્ર ભારતીય, ૩.૫ લાખ કરોડ રૂપિયાની કુલ સંપત્તિ જાહેર

નવીદિલ્હી,તા.૨૮




આજકાલ જે મહિલાની ચર્ચા થઈ રહી છે તેણે ફક્ત ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. આ મહિલાને તેના પિતા તરફથી એવી ભેટ મળી કે તેણે ઈતિહાસ રચી દીધો. તેના પિતા તરફથી મળેલી ભેટને કારણે તે વિશ્વના અબજોપતિઓમાંની એક બની ગઈ છે. ભારતના અબજોપતિઓની યાદીમાં પણ તેમણે ત્રીજું સ્થાન મેળવ્યું છે. અને હવે તેને વિશ્વની ૫ સૌથી ધનિક મહિલાઓની યાદીમાં સામેલ કરવામાં આવી છે. હુરુન ગ્લોબલ રિચ લિસ્ટ ૨૦૨૫ માં પહેલી વાર કોઈ ભારતીય મહિલાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ત્યારે ભારતની એકમાત્ર મહિલા જેમને વિશ્વભરની અબજોપતિ મહિલાઓની યાદીમાં સ્થાન મળ્યું છે

હુરુન ગ્લોબલ રિચ લિસ્ટ ૨૦૨૫ ની તાજેતરની યાદીમાં અબજોપતિઓની યાદીમાં ઘણી ઉથલપાથલ જોવા મળી જેમાં ભારતના મુકેશ અંબાણી ટોચના ૧૦ લોકોની યાદીમાંથી બહાર થઈ ગયા છે જ્યારે ગૌતમ અદાણીની સંપત્તિમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. આ યાદીમાં સૌથી આશ્ચર્યજનક નામ એચસીએલના રોશની નાદરનું છે. એચસીએલના હેડ રોશની નાદરે વિશ્વની પાંચમી સૌથી ધનિક મહિલાઓમાં સ્થાન મેળવ્યું છે. ૩.૫ લાખ કરોડ રૂપિયાની કુલ સંપત્તિ સાથે રોશની વિશ્વની પાંચમી સૌથી ધનિક મહિલા બની ગઈ છે. મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી પછી તેઓ ભારતના સૌથી ધનિક વ્યક્તિ છે.

# કાશીમાં નવરાત્રી દરમિયાન માંસાહારી ખોરાકના વેચાણ પર પ્રતિબંધ મુકાયો

(એચ.એસ.એલ),લખનૌ,તા.૨૮



ધાર્મિક નગરી કાશીમાં નવરાત્રી દરમિયાન માંસાહારી ખોરાકના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મોડી સાંજ સુધી ચાલેલી મ્યુનિસિપલ કોર્પોરેશન કારોબારીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કાશીમાં નવરાત્રી દરમ્યાન મટન, ચિકન અને માછલીની દુકાનો બંધ રહેશે. નવરાત્રીનો તહેવાર ૩૦ માર્ચથી ૬ એપ્રિલ સુધી છે. આવી સ્થિતિમાં, ૩૧ માર્ચે આવતી ઈદ પર પણ માંસાહારી દુકાનો બંધ રહેશે.

કારોબારી સભ્ય મદન મોહનના પ્રસ્તાવ પર ઊંડાણપૂર્વક વિચાર-વિમર્શ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. બે દિવસ પહેલા, હિન્દુ સંગઠનોએ નવરાત્રી દરમિયાન માંસાહારી ભોજનના વેચાણ પર પ્રતિબંધ મૂકવા માટે વહીવટીતંત્રને એક આવેદનપત્ર પણ સુપરત કર્યું હતું. મેમોરેન્ડમ દ્વારા તેમણે અપીલ કરી હતી કે કાશી એક પૌરાણિક નગરી છે અને નવરાત્રિ દરમિયાન શક્તિની પૂજા કરવામાં આવે છે, તેથી તેના પર પ્રતિબંધ લાદવો જોઈએ. મેયર અશોક તિવારીએ કહ્યું છે કે નવરાત્રિ દરમ્યાન માંસ, ચિકન અને માછલીની દુકાનો સંપૂર્ણપણે બંધ રહેશે. આનું કડક પાલન કરવામાં આવશે.

# કુણાલ કામરા સામે વિધાન પરિષદે વિશેષાધિકાર ભંગની નોટિસ સ્વીકારી


(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૮



સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા નવી મુશ્કેલીમાં ફસાઈ રહ્યા હોય તેવું લાગે છે. મહારાષ્ટ્ર વિધાન પરિષદે કામરા સામેની વિશેષાધિકાર ભંગની નોટિસ સ્વીકારી લીધી છે. નોટિસમાં ઉદ્ધવ ઠાકરે જૂથના શિવસેના નેતા સુષ્મા અંધારેનું નામ પણ ઉલ્લેખિત છે. મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદેએ જણાવ્યું હતું કે તેમણે કુણાલ કામરા સામે 'દેશદ્રોહી' શબ્દનો ઉપયોગ કરીને કટાક્ષપૂર્ણ ટિપ્પણી કરવા બદલ વિશેષાધિકાર ભંગની નોટિસ સ્વીકારી છે અને તેને વિશેષાધિકાર સમિતિને મોકલી આપી છે. દરખાસ્ત અંગે આગળની કાર્યવાહી સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે. ભાજપ વિધાન પરિષદના સભ્ય પ્રવીણ દરેકરે આ નોટિસ રજૂ કરી હતી, જે ગૃહના નેતા પણ છે.

# પશ્ચિમ બંગાળમાં આરએસએસની શાખાઓમાં જબરદસ્ત વૃદ્ધિ, બંગા પ્રાંતમાં સ્વયંસેવકોની પ્રશંસા

કોલકતા,તા.૨૮




પશ્ચિમ બંગાળમાં આરએસએસની મહેનતના પરિણામો દેખાવા લાગ્યા છે. છેલ્લા ૨ વર્ષમાં, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘએ શાખાઓમાં જબરદસ્ત વૃદ્ધિ હાંસલ કરી છે. ખાસ કરીને બંગા પ્રાંતમાં, સ્વયંસેવકોની મહેનતની પ્રશંસા થઈ રહી છે. માહિતી અનુસાર, છેલ્લા ૨ વર્ષ (૨૦૨૩-૨૦૨૫) માં અહીં ૫૦૦ નવી શાખાઓ ખોલવામાં આવી છે. જેને યુનિયનમાં એક મોટા ઉમેરા તરીકે જોવામાં આવી રહ્યું છે. બંગાળમાં આરએસએસના ત્રણ મુખ્ય પ્રાંત છે - ઉત્તર બંગા પ્રાંત, મધ્ય બંગા પ્રાંત અને દક્ષિણ બંગા પ્રાંત. ઉત્તર બંગા પ્રાંતમાં ઉત્તર બંગાળના જિલ્લાઓનો સમાવેશ થાય છે, મધ્ય બંગાળમાં પૂર્વ અને પશ્ચિમ બર્દવાન, બીરભૂમ, બાંકુરા, મુર્શિદાબાદ અને પુરુલિયાનો સમાવેશ થાય છે, જ્યારે દક્ષિણ બંગાળ પ્રાંતમાં દક્ષિણ બંગાળના જિલ્લાઓનો સમાવેશ થાય છે.

જોકે તમામ પ્રાંતોમાં શાખાઓની સંખ્યામાં વધારો થયો છે, મધ્ય બંગાળમાં વૃદ્ધિ નોંધપાત્ર છે. ઉત્તર બંગાળમાં શાખાઓ, મિલન અને મંડળોની કુલ સંખ્યા ૨૦૨૩ માં ૧૦૩૪ હતી, જે ૨૦૨૪ માં ૧૦૪૧ અને ૨૦૨૫ માં ૧૧૫૩ પર પહોંચી ગઈ. મધ્ય બંગાળમાં, ૨૦૨૩ માં આ સંખ્યા ૧૩૨૦ હતી, જે ૨૦૨૫ માં વધીને ૧૮૨૩ થઈ ગઈ. તેવી જ રીતે, દક્ષિણ બંગાળમાં, ૨૦૨૩ માં ૧૨૦૬ શાખાઓ હતી, જે ૨૦૨૫ માં વધીને ૧૫૬૪ થઈ ગઈ છે.

# નાગપુરમાં થયેલી હિંસા બાદ ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓમાં ભયનો માહોલ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૮

૧૭ માર્ચે મહારાષ્ટ્રના નાગપુરમાં થયેલી હિંસા બાદ, શહેરમાં છુપાયેલા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓમાં પોલીસ કાર્યવાહીનો ભય છે. અહેવાલો અનુસાર, પોલીસ કાર્યવાહીથી બચવા માટે ઘણા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ નાગપુરથી ભાગી ગયા છે. તમને જણાવી દઈએ કે પોલીસે નાગપુરથી પુણે થઈને મુંબઈ પહોંચેલા એક બાંગ્લાદેશીની પણ ધરપકડ કરી છે અને તેના નાગપુર કનેક્શનની તપાસ કરવામાં આવી રહી છે. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોએ એમ પણ કહ્યું છે કે નાગપુરમાં છુપાયેલા ઘણા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ શહેર છોડીને અલગ અલગ સ્થળોએ ગયા છે. તમને જણાવી દઈએ કે મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે દાદરથી એક બાંગ્લાદેશી નાગરિકની દેશમાં ગેરકાયદેસર રીતે રહેવાના આરોપસર ધરપકડ કરી છે. પોલીસ હવે એ જાણવા માટે તપાસ કરી રહી છે કે શું તે ૧૭ માર્ચે નાગપુરમાં થયેલી હિંસામાં સામેલ હતો કે નહીં.

# 'વસુધૈવ કુટુમ્બકમ'ની વાત કરનારા પોતાના પરિવાર સાથે પણ રહી શકતા નથી : સુપ્રીમ


(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૮



છેલ્લા કેટલાક દિવસોમાં દેશમાં આવી ઘણી ઘટનાઓ બની છે, જેનાથી 'પરિવાર' શબ્દ શરમજનક બન્યો છે. મેરઠમાં પત્નીએ તેના પ્રેમી સાથે મળીને તેના પતિની હત્યા કરી દીધી હતી. ક્યાંક એક પત્નીએ તેના પતિની હત્યા કરવા માટે કોન્ટ્રાક્ટ કિલર રાખ્યો હતો. ઘણા કિસ્સાઓમાં, પતિ કાં તો તેની પત્નીને મારી નાખતો હતો અથવા તેને ઘરમાંથી કાઢી મૂકતો હતો. તાજેતરના ભૂતકાળમાં દેશમાં પરિવાર શબ્દનું મહત્વ ઘટાડતી ઘણી ઘટનાઓ જોવા મળી છે. દરમિયાન, સુપ્રીમ કોર્ટે પરિવારની વિભાવના પર ચિંતા વ્યક્ત કરી છે. એક કેસની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ભારતમાં લોકો વસુધૈવ કુટુમ્બકમના સિદ્ધાંતમાં માને છે પરંતુ નજીકના સંબંધીઓ સાથે રહી શકતા નથી. સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ પંકજ મિત્તલ અને ન્યાયાધીશ એસવીએન ભટ્ટીની બેન્ચે કહ્યું કે દેશમાં પરિવારનો ખ્યાલ સમાપ્ત થઈ રહ્યો છે અને હવે ફક્ત એક વ્યક્તિ, એક પરિવાર વ્યવસ્થા રચાઈ રહી છે. વાસ્તવમાં સુપ્રીમ કોર્ટમાં એક મહિલા દ્વારા એક અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં, મહિલાએ કોર્ટને તેના મોટા પુત્રને ઘર અને મિલકતમાંથી બહાર કાઢવાની વિનંતી કરી હતી.

# તા. ૩ એપ્રિલથી બે દિવસ પીએમ મોદી થાઈલેન્ડ અને શ્રીલંકાની મુલાકાત લેશે

નવીદિલ્હી,તા.૨૮



ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી થાઈલેન્ડ અને શ્રીલંકાની મુલાકાતે જવાના છે. ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, પીએમ મોદી ૩-૪ એપ્રિલ ૨૦૨૫ ના રોજ બેંગકોક, થાઈલેન્ડની મુલાકાત લેશે. પીએમ મોદી ૪ એપ્રિલ ૨૦૨૫ ના રોજ યોજાનારી ૬ઠ્ઠી બ્રિક્સ દેશોની બેઠકમાં પણ ભાગ લેશે. આ બેઠક થાઈલેન્ડ દ્વારા યોજાઈ રહી છે. થાઈલેન્ડના વડાપ્રધાન પોએટોંગટાર્ન શિનાવાત્રાએ પીએમ મોદીને આ બેઠકમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું છે. બ્રિક્સ દેશોની આ ભૌતિક બેઠક ૨૦૧૮ માં નેપાળના કાઠમંડુમાં યોજાયેલી ચોથી બ્રિક્સ સમિટ પછી થઈ રહી છે. પાંચમી બ્રિક્સ સમિટ માર્ચ ૨૦૨૨ માં શ્રીલંકાના કોલંબોમાં વર્ચ્યુઅલ રીતે યોજાઈ હતી. ૬ઠ્ઠી બ્રિક્સ સમિટમાં, વિવિધ દેશોના નેતાઓ સહકારને વધુ વેગ આપવાના માર્ગો અને માધ્યમો પર ચર્ચા કરી શકે છે. ભારત પ્રાદેશિક સહયોગ અને ભાગીદારીને મજબૂત બનાવવા માટે બ્રિકસમાં અનેક પહેલ કરી રહ્યું છે. આમાં સુરક્ષા વધારવી, વેપાર અને રોકાણને સરળ બનાવવું, ભૌતિક દરિયાઈ અને ડિજિટલ કનેક્ટિવિટી સ્થાપિત કરવી, ખોરાક, ઊર્જા, આબોહવા અને માનવ સુરક્ષા પર સહયોગ કરવો, ક્ષમતા નિર્માણ અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવું અને લોકો વચ્ચેના સંબંધો વધારવાનો સમાવેશ થાય છે.

# ઓક્સફોર્ડ યુનિ.માં મમતા બેનર્જીના ભાષણ દરમિયાન ભારે હંગામો, 'ગો બેક'ના નારા લાગ્યા

(એચ.એસ.એલ),કોલકતા,તા.૨૮



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી લંડનમાં ઓક્સફોર્ડ યુનિવર્સિટીના કેલોગ કોલેજમાં ભાષણ આપતા હતા તે વખતે હંગામો જોવા મળ્યો હતો. મમતા બેનર્જી ભાષણ આપતા હતા અને અચાનક પ્રદર્શનકારી વિદ્યાર્થીઓના એક જૂથે હંગામો મચાવવા માંડ્યો. વિદ્યાર્થીઓએ બંગાળમાં ચૂંટણી બાદ થયેલી હિંસા અને આરજી કર કોલેજ અને હોસ્પિટલના નાણાકીય કૌભાંડનો મુદ્દો ઉઠાવ્યો હતો. વિદ્યાર્થીઓએ તેમને આકરા સવાલો પૂછ્યા અને ગો બેક મમતાના નારા પણ લગાવ્યા. મમતા બેનર્જીએ આ વિરોધના જવાબમાં ૧૯૯૦ના દાયકાની પોતાની એક તસવીર દેખાડી જેમાં તેમના માથા પર પટ્ટી બાંધી હતી. તેમણે દાવો કર્યો કે વિપક્ષમાં હતા ત્યારે તેમની હત્યાની પણ કોશિશ થઈ હતી. અસલમાં મમતા બેનર્જીના ભાષણ દરમિયાન વિવાદ ત્યારે થયો જ્યારે એક દર્શકે તેમને પશ્ચિમ બંગાળમાં થયેલા લાખો કરોડના રોકાણ પ્રસ્તાવો પર સવાલ પૂછ્યો.


# નવરાત્રીમાં હિન્દુ કર્મચારીઓને ઓફિસે મોડા આવવાની છૂટ આપવી જોઈએ : હિન્દુ સંગઠન

ભોપાલ,તા.૨૮

મધ્યપ્રદેશમાં રમઝાન પછી, હવે નવરાત્રી દરમિયાન કર્મચારીઓને ઓફિસે મોડા જવાની મંજૂરી આપવાની માંગ ઉઠી છે. હિન્દુ સંગઠને માંગ કરી છે કે નવરાત્રિ દરમિયાન હિન્દુ સરકારી કર્મચારીઓને મોડા ઓફિસ આવવાની અને વહેલા ઘરે જવાની છૂટ આપવી જોઈએ. હિન્દુ સંગઠને ઈન્ડિયા ટીવીને જણાવ્યું હતું કે - "અમારી માંગ છે કે સરકારી કર્મચારીઓને સવારે ૧૨:૦૦ વાગ્યે ઓફિસ જવાની સુવિધા આપવામાં આવે અને તેમણે ૧૨:૦૦ વાગ્યે ઓફિસમાં હાજરી આપવી જોઈએ અને તેમને સાંજે ૪:૦૦ વાગ્યે રજા આપવી જોઈએ. જેમ મુસ્લિમો અને એક જ ધર્મના અનુયાયીઓને રમઝાનના આખા મહિના દરમિયાન નમાજ પઢવાની છૂટ આપવામાં આવે છે, તેવી જ રીતે સંસ્કૃતિ બચાવો મંચ મધ્યપ્રદેશમાં હિન્દુ કર્મચારીઓ માટે પણ આવી જ છૂટની માંગ કરી રહ્યું છે."

# ઈજિપ્તના દરિયાકાંઠે પ્રવાસી સબમરીન ડૂબી જતા ૬ રશિયનોના થયા મોત, ૯ ઘાયલ

(એચ.એસ.એલ),કૈરો,તા.૨૮



ઈજિપ્તના દરિયાકાંઠે એક સબમરીન ડૂબી જવાથી અનેક લોકોના મોત થયા છે. કહેવામાં આવી રહ્યું છે કે આ અકસ્માત ઈજિપ્તના લાલ સમુદ્રમાં એક લોકપ્રિય સ્થળ હુરઘાડામાં થયો હતો, જ્યાં એક પ્રવાસી સબમરીન ડૂબી જતાં છ લોકોના મોત થયા હતા અને નવ અન્ય ઘાયલ થયા હતા. ઈજિપ્તના બે મ્યુનિસિપલ અધિકારીઓએ ગુરુવારે આ માહિતી આપી. તેમણે નામ ન આપવાની શરતે મીડિયાને આ માહિતી આપી છે. રશિયન એજન્સીના જણાવ્યા અનુસાર, અકસ્માતમાં માર્યા ગયેલા બધા લોકો રશિયન નાગરિકો હતા. રેડ સી ગવર્નરેટ દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, ઈમરજન્સી ટીમોએ ૨૯ લોકોને બચાવવામાં સફળતા મેળવી. નહિંતર, વધુ લોકો મૃત્યુ પામ્યા હોત. આ સબમરીન ટુરિસ્ટ રિસોર્ટ વિસ્તારમાં એક દરિયા કિનારેથી પસાર થઈ રહી હતી. તેમાં વિવિધ દેશોના ૪૫ પ્રવાસીઓ સવાર હતા.

# રશિયાના રાષ્ટ્રપતિ પુતિન ભારત આવે તે પહેલા એલએસી વિવાદ ઉકેલવા ચીન સંમત

(એચ.એસ.એલ),બેઈજિંગ,તા.૨૮



ભારત અને રશિયા વચ્ચે વધતી જતી મિત્રતાનો સંયોગ કહો કે વ્યૂહાત્મક ઉપયોગ... કે પુતિનની ભારત મુલાકાતની તારીખ નક્કી થાય તે પહેલાં જ, ચીન ભારત સાથેના સરહદી વિવાદો ઉકેલવા માટે સંમત થઈ ગયું છે. ચીનને ભારતની નજીક લાવવામાં રશિયાના રાષ્ટ્રપતિ પુતિનની ભૂમિકાને સંરક્ષણ નિષ્ણાતો મહત્વપૂર્ણ માની રહ્યા છે. ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા પછી ઝડપથી બદલાતી વૈશ્વિક ભૂરાજકીય પરિસ્થિતિ વચ્ચે સત્તા સંતુલન જાળવવાની ચીનની આ મજબૂરી પણ હોઈ શકે છે. આવી સ્થિતિમાં, ચીન માટે ભારત સાથે સંબંધો જાળવી રાખવા વધુ સારું છે. તે પણ જ્યારે અમેરિકા રશિયાને પોતાની તરફ આકર્ષિત કરી રહ્યું છે અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ પહેલાથી જ ગાઢ મિત્રો છે. તમને જણાવી દઈએ કે આવી વૈશ્વિક પરિસ્થિતિઓ વચ્ચે, ચીનની સેના પીપલ્સ લિબરેશન આર્મીએ કહ્યું કે તે મજબૂત અને સ્થિર સંરક્ષણ સંબંધો જાળવવા તેમજ સરહદ મુદ્દાના ન્યાયી ઉકેલને અમલમાં મૂકવા માટે ભારતીય સેના સાથે કામ કરવા તૈયાર છે.

# ટ્રમ્પે ઓટોમોબાઈલ પર ૨૫% ટેરીફ લગાવતા અમેરિકા-કેનેડાના સંબંધ પુરા : માર્ક કાર્ને

ઓટ્ટાવા,તા.૨૮




કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ ગુરુવારે કહ્યું કે અમેરિકા-કેનેડાના જૂના સંબંધો હવે પૂરા થઈ ગયા છે. ટ્રમ્પ દ્વારા વિદેશી કારો પર ૨૫% ટેરીફ લાદવાના વિવાદ બાદ કેનેડિયન પીએમએ આ વાત કહી હતી. રાજધાની ઓટ્ટાવામાં કેબિનેટની બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા, કાર્નેએ કહ્યું કે કેનેડાના અમેરિકા સાથેના જૂના સંબંધો, જે મૂળભૂત રીતે અર્થતંત્રને એક રાખવા અને સુરક્ષા અને લશ્કરી સહયોગને આગળ વધારવા પર આધારિત હતા, તે હવે અસ્તિત્વમાં નથી. જો બંને નેતાઓ વચ્ચે વાતચીત થાય છે, તો કાર્ને વડાપ્રધાન બન્યા પછી આ પહેલીવાર હશે જ્યારે તેઓ યુએસ રાષ્ટ્રપતિ સાથે વાત કરશે. સામાન્ય રીતે, નવા કેનેડિયન પીએમ પદ સંભાળ્યા પછી તરત જ યુએસ રાષ્ટ્રપતિ સાથે ફોન પર વાત કરે છે, પરંતુ ત્યારથી ૧૩ દિવસ વીતી ગયા છે છતાં બંને નેતાઓએ વાત કરી નથી. કેનેડામાં ૨૮ એપ્રિલે સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે. આ પહેલા ૨૬ માર્ચે, ટ્રમ્પે વિદેશી કારો પર ટેરીફની જાહેરાત કરી હતી. આ આવતા અઠવાડિયાથી અમલમાં આવશે. કાર્નેએ કહ્યું કે યુએસ પ્રમુખ ટ્રમ્પના ટેરીફ લાદવાના નિર્ણય પછી કેનેડિયનોએ હવે તેમના અર્થતંત્ર વિશે ફરીથી વિચારવું જોઈએ.

# જનતા પર મોંઘવારીનો વધુ એક ડામ: ગુજરાત એસ.ટી.એ ભાડામાં ૧૦%નો વધારો કર્યો

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. એસ.ટી. નિગમ દ્વારા ચાલતી બસ સેવાના ભાડાંમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે, ત્યારે આજે મધ્યરાત્રિથી નવા ભાડાં લાગુ કરવામાં આવશે. એસ.ટી. નિગમના આ નિર્ણયથી રાજ્યના ૨૭ લાખ મુસાફરોને સીધી અસર થશે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૪ બાદ પહેલીવાર ૨૦૨૩માં એટલે કે ૧૦ વર્ષ બાદ એસ.ટી. નિગમ દ્વારા ૧ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ૨૫ ટકા સુધીનો ભાડાંમાં વધારો કરવામાં આવ્યો હતો. GSRTC દ્વારા આ લાગુ થનારા ભાડાંમાં ૪૮ કિમી સુધી રૂ. એકથી લઈને ૬ રૂપિયા સુધીનો વધારો કર્યો હતો. એસ.ટી. નિગમ દ્વારા હવે ફરીથી બસના ભાડાં વધારવામાં આવ્યા છે. ૨૮ માર્ચ ૨૦૨૫ની મધરાતથી એટલે કે ૨૯ માર્ચ ૨૦૨૫ રાત્રે ૧૨ વાગ્યાથી ૧૦ ટકાનો ભાડાંમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. જેમાં લોકલ સર્વિસમાં કુલ મુસાફરો પૈકી ૮૫ ટકા મુસાફરો (દરરોજ અંદાજીત ૧૦ લાખ) ૪૮ કિમી સુધીની મુસાફરી કરે છે જેમાં માત્ર રૂપિયા એકથી રૂપિયા ૪ સુધીનો ભાડાંમાં વધારો કરવામાં આવ્યો છે.



# વિધાનસભામાં છેલ્લા દિવસે કેગ રિપોર્ટ રજૂ, ૨૫ ટકા તબીબો અને પેરામેડિક્સની અછત સામે આવતા વિપક્ષના પ્રહારો

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત વિધાનસભાના છેલ્લા દિવસના અહેવાલમાં આરોગ્ય વ્યવસ્થામાં રહેલી ખામીઓ છતી થઈ છે. રાજ્યમાં ડોકટરોની ૨૫ ટકા અછત હોવાનો આંકડો કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે જાહેર કર્યો છે. કેગના અવલોકનોએ રાજ્યમાં જાહેર આરોગ્ય સંસ્થાઓમાં માનવ સંસાધનોની અછત પર પ્રકાશ પાડ્યો છે. તાજેતરના ડેટા અનુસાર, ૨૦૧૬-૨૨ દરમિયાન ૯,૯૮૩ આરોગ્ય કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી હતી, છતાં માર્ચ ૨૦૨૨ સુધીમાં ડોકટરો, નર્સો અને પેરામેડિક્સમાં અનુક્રમે ૨૩%, ૬% અને ૨૩% ની અછત છે. રાજ્યના ૩૩ જિલ્લાઓમાંથી ૨૨ જિલ્લાઓમાં ૨૫% થી વધુ ડોકટરોની અછત નોંધાઈ છે. ૧૯ જિલ્લાઓમાં પેરામેડિક્સની અછત વધી રહી છે. આ પરિસ્થિતિને કારણે પ્રાથમિક આરોગ્ય સુવિધાઓમાં ડોકટરો અને પેરામેડિક્સનું ભૌગોલિક રીતે યોગ્ય વિતરણ સુનિશ્ચિત કરવું અનિવાર્ય બને છે. મહિલા અને બાળ આરોગ્ય કેન્દ્રોમાં નિષ્ણાત ડોકટરોની ૨૮ ટકા જગ્યાઓ ખાલી છે.



જિલ્લા હોસ્પિટલોમાં આ આંકડો ૩૬ ટકા અને સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલોમાં ૫૧ ટકા છે. આ ઉપરાંત, ડીએચમાં હજુ પણ ૧૮ ટકા ડોકટરો, ૭ ટકા નર્સો અને ૪૬ ટકા પેરામેડિક્સની જગ્યાઓ ખાલી છે.







# ડીસાના રાજપુર પ્રા.શાળાના વિદ્યાર્થીઓએ પણ હાથ પર કાપા માર્યાની ઘટના સામે આવી

(એચ.એસ.એલ),પાલનપુર,તા.૨૮

અમરેલીના મુંજીયાસર બાદ બનાસકાંઠાના ડીસામાં પણ ચિંતાજનક ઘટના સામે આવી છે. રાજપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના હાથ પર પણ કાપા જોવા મળ્યા છે. સમગ્ર મામલે એક પરિવાર દ્વારા જિલ્લા શિક્ષણ વિભાગને જાણ કરાઈ છે. જિલ્લા શિક્ષણાધિકારીની સૂચનાથી સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરુ કરવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગ



અને બાળ સુરક્ષા વિભાગ દ્વારા બાળકોનું કાઉન્સિલિંગ કરાયું છે. વિદ્યાર્થીઓએ રમત-રમતમાં શરત પર હાથ પર કાપા માર્યા હોવાનું ડીપીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે. મોબાઈલ, ઓનલાઈન ગેમ, હિંસક પ્રવૃત્તિથી દૂર રહેવા બાળકોને સમજાવાયા હોવાનું પણ ડીપીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે. ઓનલાઈન ગેમિંગના ચક્કરમાં ઘટના નથી બનીને? તે બાબતે તપાસ આદરી છે. ઓનલાઈન ગેમિંગની આશંકાએ ડીસા રુરલ પોલીસ પણ તપાસમાં જોડાઈ છે. આ અગાઉ અમરેલી જિલ્લામાં ૪૦ વિદ્યાર્થીએ હાથ પર કાપા માર્યા હોવાનું સામે આવ્યું હતું. બગસરાના મુંજીયાસર ગામનો વિચિત્ર બનાવ સામે આવ્યો હતો.

# વિધાનસભામાં ખનીજચોરીનો મુદ્દો ઉઠાવનાર ધારાસભ્ય ચુડાસમાને ગૃહમાંથી બહાર કઢાયા

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત વિધાનસભામાં ગીર સોમનાથમાં ચાલી રહેલી ખાણ ખનીજ ચોરીનો મુદ્દો ઉઠતાં ગૃહમાં તંગદિલી છવાઈ હતી. કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ ગેરકાયદેસર ખનનમાફિયાઓ વિરુદ્ધ સરકાર પાસે જવાબ માગતા વિરોધ નોંધાવ્યો હતો. જોકે, ગૃહમાં તેમની રજૂઆત પર સંતોષકારક જવાબ ન મળતા તેમણે ઉગ્ર વલણ અપનાવ્યું હતુ. જેના કારણે વિધાનસભા અધ્યક્ષે તેમને ગૃહમાંથી હાંકી કાઢવાનો આદેશ આપ્યો હતો. ચુડાસમાએ ખનીજચોરી રોકવા માટે તાત્કાલિક પગલાં લેવાની માંગણી કરી. ગૃહમાંથી બહાર કાઢ્યા બાદ વિમલ ચુડાસમા વિધાનસભાના પગથિયાં પર ધરણાં પર બેઠા હતા. તેમણે 'સરકાર ખનીજમાફિયાઓને છાવરી રહી છે' અને 'સરકાર ખનીજમાફિયાથી કેમ ડરે છે?' જેવા પોસ્ટર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ મામલે વિપક્ષે સરકાર પર ગંભીર આક્ષેપ લગાવતાં વિધાનસભા બહાર પણ રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.

# રાજ્યમાં ભરઉનાળે વાતાવરણમાં પલટો, પાંચ દિવસ ગરમીમાં વધારો થશે

સુરત,તા.૨૮

હવામાન વિભાગ અને હવામાનના નિષ્ણાતો દ્વારા ભરઉનાળે વાતાવરણમાં પલટો આવવાની કરેલી આગાહી વચ્ચે ૨૮ માર્ચ, ૨૦૨૫ ના રોજ વડોદરામાં ગાઢ ધુમ્મસ છવાયું હતું. ડભોઈથી સ્ટેચ્યુ ઓફ યુનિટી માર્ગ ઉપર ગાઢ ધુમ્મસ છવાઈ જતાં શૂન્ય વિઝિબિલિટી થઈ ગઈ હતી, પરિણામે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.

# હરિયાણામાં અકસ્માતમાં મોતને ભેટેલા ગુજરાતના પોલીસકર્મીઓના મૃતદેહને વતન લાવવામાં આવ્યા

અમદાવાદ,તા.૨૮

૨૬ માર્ચ બુધવારના રોજ હરિયાણામાં ગુજરાત પોલીસની બોલેરો ગાડી એક અજાણ્યા વાહન સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ગુજરાત પોલીસના ૨ કર્મચારી અને ૧ ડ્રાઈવરનું મોત થયું હતું. ત્યાર બાદ ૨૮ માર્ચે ત્રણેયના મૃતદેહને અમદાવાદમાં લાવવામાં આવ્યા હતા. પોલીસ કમિશનર સહિતના પોલીસકર્મીઓ અને મૃતકોનાં પરિવારજનો દ્વારા તમામ મૃતકોને પુષ્પાંજલિ અર્પણ કરાયા બાદ મૃતદેહોને તેઓના ઘરે લઈ જવાયા હતા.







